શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
सा विद्या या विमुक्तये
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૬

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય
### (ચૈત્યવંદન વિધિ ચાલુ)

## જાવંતિ ચેઈઆઈં (સર્વ ચૈત્યવંદન)સૂત્ર

**જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ / માણુસે લોએ અ;**
**સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં. ૧**

શબ્દાર્થ :–

**જાવંતિ :** જેટલાં
**ચેઈઆઈં :** ચૈત્યો–જિન પ્રતિમાઓ
**ઉડ્ઢે :** ઉર્ધ્વલોકમાં–દેવલોકમાં
**અ :** અને
**અહે :** અધોલોકમાં–ભવનપતિના સ્થળોમાં
**તિરિઅલોએ /માણુસે લોએ :** તિર્યગ્લોકમાં, મનુષ્યલોકમાં
**સવ્વાઈં :** સર્વેને
**તાઈં :** તેને
**વંદે :** વાંદું છું
**ઈહ :** અહીં
**સંતો :** રહ્યો છતો
**તત્થ :** ત્યાં
**સંતાઈં :** રહેલાને

અર્થ : ઉર્ધ્વલોક–દેવલોક, અધોલોક–પાતાળ લોક, અને મનુષ્ય લોકમાં જેટલા પણ ચૈત્યો – જિન પ્રતિમાઓ હોય, તે સર્વેને અહીં મારા સ્થાને રહ્યો છતો હું વંદન કરું છું. આ સૂત્રથી ત્રણ લોકના ચૈત્યો (જિન પ્રતિમાઓ)ને વંદના કરાય છે.

## જાવંત કેવિ સાહૂ (સર્વ સાધુવંદન) સૂત્ર

**જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ,**
**સવ્વેસિંતેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. ૧**

શબ્દાર્થ :–

**જાવંત :** જેટલાં
**કે વિ :** કોઈ પણ
**સાહૂ :** સાધુઓ
**ભરહ :** ભરતક્ષેત્ર
**એરવય :** ઐરાવતક્ષેત્ર
**મહાવિદેહે :** મહાવિદેહ ક્ષેત્રને વિષે
**સવ્વેસિં :** સર્વેને
**તેસિં :** તેમને
**પણઓ :** પ્રણામ કરું છું.
**તિવિહેણ :** ત્રણ પ્રકારે
**તિદંડ :** ત્રણ દંડ કરણથી
**વિરયાણં :** નિવર્તેલાઓને, વિરામ પામેલાઓને

અર્થ : ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રોમાં રહેલા જે કોઈ પણ સાધુઓ–મુનિઓ મન, વચન અને કાયાથી પાપવાળી પ્રવૃત્તિ કરતા નથી; કરાવતા નથી તેમજ કરતાંને અનુમોદન કરતાં નથી, તે સર્વેને હું પ્રણામ કરું છું. આ સૂત્રથી પંદર કર્મભૂમીઓમાં રહેલ સર્વ સાધુઓને વંદન કરવામાં આવે છે.

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સ્તવન ભણુંજી ?**
**(કોઈપણ પ્રભુનું ગુણોયુક્ત સ્તવન બોલવું.)**

## સામાન્ય જિન સ્તવન

આનંદ કી ઘડી આઈ સખી રે આજ
કરકે કૃપા પ્રભુ દર્શન દિનો, ભવકી પીડ મિટાઈ;
મોહ નિદ્રાસે જાગૃત કરકે, સત્યકી સાન સુનાઈ,
તન, મન હર્ષ ન માઈ... સખી...(૧)
નિત્યાનિત્ય કા તોડ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઈ;
સમ્યગ્જ્ઞાનકી દિવ્ય પ્રભાકો, અંતરમે પ્રગટાઈ,
સાધ્ય સાધન દિખલાઈ...સખી...(૨)
ત્યાગ વૈરાગ્ય સંયમ યોગસે, નિસ્પૃહ ભાવ જગાઈ;
સર્વસંગ પરિત્યાગ કરાકર, અલખ ધૂન મચાઈ,
અપગત દુઃખ કહલાઈ...સખી...(૩)
અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ;
તીન વેદકા છેદ કરાકર, ક્ષીણ મોહી બનવાઈ,
જીવન મુક્તિ દિલાઈ...સખી...(૪)
ભક્ત વત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ,
જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજર અમર પદ પાઈ,
દ્વંદ સકલ મીટ જાઈ...સખી...(૫)

# ઉવસગ્ગહરં- ઉપસર્ગ હર સ્તોત્ર

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણ મુક્કં;**
**વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ આવાસં. ૧**
**વિસહરકુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;**
**તસ્સ ગહ-રોગ મારી -દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨**
**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણમો વિ બહુફલો હોઈ;**
**નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોહગ્ગં./(દોગચ્ચં) ૩**
**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;**
**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪**
**ઈઅસંથુઓ મહાયસ ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ;**
**તા દેવ..! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫**

શબ્દાર્થ :–

**ઉવસગ્ગહરં :** વિઘ્નો–ઉપદ્રવોને દૂર કરનાર
**પાસં :** પાર્શ્વ યક્ષ (બીજા અર્થમાં સમીપ એટલે ભક્તજનોને જે સમીપ છે તે પાર્શ્વ)
**પાસં :** પાર્શ્વનાથ ભગવાનને
**વંદામિ :** હું વંદન કરું છું.
**કમ્મ–ઘણ–મુક્કં :** નિબિડ– ઘાતીકર્મોથી મૂકાયેલા
**વિસહર :** વિષધર–સાપ
**વિસ :** ઝેર
**નિન્નાસં :** નાશ કરનાર
**મંગલ :** મંગલ
**કલ્લાણ :** કલ્યાણ
**આવાસં :** રહેવાના સ્થાનરૂપ
**વિસહરકુલિંગ મંતં :** વિસહરકુલિંગ નામના મંત્રને
**કંઠે :** કંઠને વિષે
**ધારેઈ :** ધારણ કરે છે
**જો :** જે
**સયા :** સદા, નિરંતર
**મણુઓ :** મનુષ્ય
**તસ્સ :** તેના,
**ગહ :** ગ્રહો
**રોગ :** રોગો
**મારી :** મરકી
**દુટ્ઠજરા :** દુષ્ટ જ્વરો તાવો.
**જંતિ :** જાય છે, પામે છે.
**ઉવસામં :** ઉપશાંતિને
**ચિટ્ઠઉ :** રહો
**દૂરે :** છેટે, દૂરે
**મંતો :** મંત્ર
**તુજ્ઝ :** તમને
**પણામોઃ** પ્રણામ
**વિ :** પણ
**બહુફલો :** બહુ ફલ આપનારો
**હોઈ :** થાય છે
**નર–તિરિએસુ :** મનુષ્યગતિ અને તિર્યંચગતિમાં
**વિ :** પણ
**જીવા :** જીવો
**પાવંતિ :** પામે છે
**ન :** નહિ
**દુખ્ખ :** દુઃખ
**દોહગ્ગં /(દોગચ્ચં) :** દુર્ભાગ્યને
**તુહ :** તારું

**સમ્મત્તે :** સમ્યક્ત્વને
**લદ્ધે :** પામ્યે છતે
**ચિંતામણિ :** ચિંતામણિ રત્ન
**કપ્પપાયવબ્ભહિએ :** કલ્પવૃક્ષથી પણ અધિક
**પાવંતિ :** પામે છે
**અવિગ્ઘેણં :** વિઘ્નવિના
**જીવા :** જીવો
**અયરામરં ઠાણં :** અજરામર–મોક્ષસ્થાનને
**ઇઅ :** આ પ્રમાણે
**સંથુઓ :** સ્તવાયેલા
**મહાયસ :** હે મહાયશસ્વી...!
**ભત્તિભર :** ભક્તિના સમુહથી
**નિબ્ભરેણ :** ભરપુર
**હિયએણ :** હૃદય વડે
**તા :** તેથી
**દેવ :** હે દેવ
**દિજ્જ :** આપજો
**બોહિં :** સમકિતને
**ભવે ભવે :** ભવોભવને વિષે
**પાસં જિણચંદ :** હે પાર્શ્વનાથ જિનચંદ્ર

**અર્થ :–** ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વનામનો યક્ષ સેવક છે જેનો એવા, તથા ચારે ઘાતીકર્મના સમૂહથી મુક્ત થયેલા, સાપના ઝેરનો નાશ કરનાર, તથા મંગળ કલ્યાણના ધામરૂપ, એવા શ્રી પાર્શ્વનાથને હું નમસ્કાર કરું છું. (બીજા અર્થમાં ઉપદ્રવોને દૂર કરનાર ભક્તજનોને સમીપ (પહેલાં પાસં નો અર્થ સમીપ પણ થાય છે.) અને ઘાતીકર્મથી મૂકાયેલા, સર્પના ઝેરનો નાશ કરનાર, અને મંગલ તથા કલ્યાણના ધામરૂપ એવા શ્રી પાર્શ્વનાથને હું વંદન કરું છું.) ૧.

શ્રી પાર્શ્વનાથના નામથી યુક્ત **'વિષધરફુલિંગ'** નામના મંત્રને જે મનુષ્ય સદા કંઠમાં ધારણ કરે છે અર્થાત્ નિરંતર એકાગ્ર મનથી તેનો જાપ કરે છે, તેના દુષ્ટ ગ્રહો, અનેક પ્રકારના રોગો, મરકી અને દુષ્ટ–વિષમ જ્વરો નાશ પામે છે. શાંત થઇ જાય છે. ૨

એ મંત્રની વાત દૂર રાખીએ તો પણ હે પાર્શ્વનાથ...! તમને કરેલો પ્રણામ પણ ઘણા ફલને આપનારો થાય છે અને મનુષ્ય અને તિર્યંચગતિમાં રહેલા જીવો કોઇપણ પ્રકારનાં દુઃખ કે દુર્દશા પામતા નથી. ૩

ચિંતન માત્રથી ઈચ્છિત ફળ આપનાર ચિંતામણી રત્ન અને ઈચ્છિત ફલ આપનાર કલ્પવૃક્ષથી પણ અધિક શક્તિ ધરાવનારું તમારું સમ્યક્ત્વ દર્શન પામવાથી જીવો સહેલાઇથી મોક્ષસ્થાનને પામે છે. ૪

આવી રીતે હે પાર્શ્વ– જિનચન્દ્ર...! હે મહાયશસ્વી...! હે પુરિસાદાણીય...! મેં તમારી સ્તુતિ ભક્તિભર્યા હૃદયથી કરી, તો હે દેવ...! મને ભવોભવમાં–જન્મો જન્મમાં તમારું બોધિબીજ–સમ્યક્ત્વ આપો. ૫.

આ સૂત્રમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્તવવામાં આવ્યા છે. તથા શ્રી પાર્શ્વપ્રભુના નામ યુક્ત **'વિસહર ફુલિંગ'** મંત્રનું અને એમને કરેલ પ્રણામનું મહાત્મ્ય વર્ણવ્યું છે. તેમજ ફલવર્ણન પૂર્વક સમ્યક્ત્વ માગવામાં આવ્યું છે.

શ્રી ભદ્રબાહુસ્વામીના ભાઇ વરાહમિહિર જૈન દીક્ષા લઇને મૂકી, જ્યોતિષથી ખ્યાતિ જમાવી, જૈન સાધુઓને નિંદતા, કોઇ રાજા ના તરત જન્મેલા પુત્રના આયુષ્ય કથનમાં અને બીજા એક નિમિત્ત કથનમાં એ ખોટા પડ્યા અને ભદ્રબાહુ સ્વામી સાચા પડ્યા.તેથી તેને દ્વેષ વધ્યો. મરીને વ્યંતર થયો. જૈન સંઘમાં મરકી ફેલાવી. એ ઉપદ્રવ દૂર કરવા શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ સૂત્ર રચીસંઘને મુખપાઠ કરવા કહ્યું. એ

સૂત્ર પાઠથી એ ઉપદ્રવ શમી ગયો. એ સૂત્ર ચૈત્યવંદનમાં સ્તવન સ્થાનેઅને નવસ્મરણમાં ચોથા સ્મરણ સ્થાને ઉપયોગમાં લેવાય છે.એમાં અનેક મંત્રો રહેલા છે એ સૂત્ર મૂળ પાંચ ગાથાનું જ છે વધારે ગાથાવાલા પછીથી બનેલા છે.

ઉવસગ્ગહરં કહી રહ્યા પછી બે હાથ જોડી, મસ્તકે લગાડી **'જયવીયરાય'** કહેવું.

## જય વીયરાય-પ્રણિધાન સૂત્ર

**જય વીયરાય...! જગગુરુ, હોઉ મમ તુહ પભાવઓ;**
**ભયવં, ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધિ. ૧**
**લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;**
**સુહગુરુજોગો તવ્વયણસેવણા આભવમખંડા. ૨**
**વારિજ્જઈ જઈ વિ નિયાણબંધણં વીયરાય...! તુહ સમએ;**
**તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩**
**દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભોઅ;**
**સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ - કરણેણં ૪**
**સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;**
**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનં ૫**

શબ્દાર્થ :-

**જય :** જયવંતા વર્તો
**વીયરાય :** હે વીતરાગ...! હે રાગ દ્વેષ રહિત મહાપુરુષ
**જગ -ગુરુ :** હે જગત ગુરુ- હે વિશ્વના ગુરુ
**હોઉ :** હો
**મમ :** મને
**તુહ :** તમારા
**પભવઓ :** પ્રભાવથી, સામર્થ્યથી
**ભયવં :** હે ભગવન્
**ભવ - નિવ્વેઓ :** ભવ નિર્વેદ, સંસાર પરથી વૈરાગ્ય
**મગ્ગાણુસારિઆ :** (માર્ગાનુસારિતા) મોક્ષમાર્ગનું અનુસરણ.
**ઇટ્ઠફલ-સિદ્ધિ :** મનોવાંછિત ફલની પ્રાપ્તિ
**લોગવિરુદ્ધચ્ચાઓ :** લોક વિરુદ્ધ કામનો ત્યાગ. લોકો નિન્દા કરે તેવી પ્રવૃત્તિનો ત્યાગ.
**ગુરુ-જણ-પૂઆ :** ગુરુજનોની પૂજા, ધર્માચાર્ય તથા માતાપિતાદિ વડિલો પ્રત્યે પૂરેપૂરો વિનય.
**પરત્થકરણં :** પરોપકાર કરવું. બીજાનું ભલું થાય તેવી પ્રવૃત્તિ કરવી.
**સુહગુરુ-જોગો :** ઉત્તમ ગુણવાળા ગુરુનો પરિચય.
**તવ્વયણસેવણા :** તેમના વચન પ્રમાણે ચાલવું તે.
**આભવં :** જ્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે ત્યાં સુધી.
**અખંડા :** સંપૂર્ણ, પૂરીપૂરી
**વારિજ્જઇ :** નિષેધ કર્યો છે. ના પાડી છે.
**જઇ વિ :** જો કે
**નિયાણ-બંધણં :** નિયાણું બાંધવું તે, ધર્માનુષ્ઠાનના ફલની પ્રાપ્તિ માટેની અભિલાષા.

**તુહ :** તારા, તમારા
**સમએ :** શાસ્ત્રમાં, આગમમાં, પ્રવચનમાં
**તહ વિ :** તો પણ
**મમ :** મને
**હુજ્જ :** હોજો
**સેવા :** સેવા–ભક્તિ, ઉપાસના
**ભવે–ભવે :** ભવોભવને વિષે
**તુમ્હ :** તમારા
**ચલણાણં :** ચરણોની, પગોની
**દુક્ખ–ક્ખઓ :** દુઃખનોનાશ
**કમ્મ–ક્ખઓ :** કર્મનો ક્ષય
**સમાહિ–મરણં :** શાંતિપૂર્વકનું મૃત્યુ
**ચ :** અને
**બોહિલાભો :** સમ્યક્ત્વની પ્રાપ્તિ
**અ :** અને
**સંપજ્જઉ :** પ્રાપ્ત થજો.
**મહ :** મને
**એઅં :** એ
**તુહ :** તમને
**નાહ :** હે નાથ...!
**પણામ–કરણેણં :** પ્રણામ કરવાથી, નમસકાર કરવાથી
**સર્વમંગલ :** સર્વ મંગલોમાં
**માંગલ્ય :** મંગલરૂપ
**સર્વકલ્યાણ :** સર્વ કલ્યાણોના
**કારણં :** કારણભૂત
**પ્રધાનં :** શ્રેષ્ઠ
**સર્વ ધર્માણાં :** સર્વે ધર્મોમાં
**જૈનં :** જૈન
**જયતિ :** જય પામે છે.
**શાસનં :** શાસન, પ્રવચન.

**અર્થ :–** હે વીતરાગ પ્રભુ...! હે ત્રિલોકના નાથ ...! જયવંતા વર્ત્તો. હે ભગવન્ ! તમારા સામર્થ્યથી મને સંસાર પ્રત્યે વૈરાગ્ય પ્રગટો, મોક્ષમાર્ગે ચાલવાની શક્તિ પ્રાપ્ત થાઓ અને મનોવાંછિત ફલની પ્રાપ્તિ થાઓ. ૧

હે પ્રભો...! લોકોથી નિંદાયેલા કામોનો ત્યાગ, ધર્માચાર્ય તથા માતાપિતાદિ વડિલો પ્રત્યે પૂરેપૂરો આદરભાવ અન્યનું હિત કરવાની પ્રવૃત્તિ, તથા સદ્ગુરુ–ઉત્તમ ગુણવાળા ગુરુનો પરિચય, તથા તેમના વચનો પ્રમાણે ચાલવાની શક્તિ, આ બધું જ્યાં સુધી જન્મ મરણના ફેરા કરવા પડે છે. ત્યાં સુધી અખંડ રીતે પ્રાપ્ત થજો. ૨

હે વીતરાગ...! તમારા પ્રવચનમાં જો કે નિયાણું એટલે ધર્માનુષ્ઠાનના ફલની પ્રાપ્તિ માટેની અભિલાષા રાખવાની મનાઈ કરેલ છે, તો પણ હું તો તેવી અભિલાષા કરું છું કે દરેક ભવમાં તમારા ચરણોની સેવા કરવાનો યોગ મને પ્રાપ્ત થજો. ૩

હે નાથ....! આપને પ્રણામ કરવાથી દુઃખનો નાશ, કર્મનો ક્ષય, સમાધિપૂર્વકનું મૃત્યુ અને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ–મોક્ષમાર્ગના સાધનનો લાભ, એ બધું મને સાંપડજો. ૪

સર્વ મંગલોમાં માંગલ્યરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન જયવંતુ વર્તે છે. ૫

આ સૂત્રથી શ્રી વીતરાગ દેવ પાસેથી મોક્ષ પમાડનારી એવી શ્રેષ્ઠ ભવનિર્વેદાદિ તેર વસ્તુઓની માગણી કરાય છે.

# અરિહંતચેઈયાણં - ચૈત્યસ્તવ સૂત્ર

**સવ્વલોએ અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં. ૧**
**વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ,**
**સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ,**
**બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ, ૨**
**સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ;**
**અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં, ૩**

શબ્દાર્થ :–

**અરિહંત ચેઈયાણં :** અર્હત્–ચૈત્યોનું.
**કરેમિ :** કરું છું, કરવાને ઈચ્છું છું.
**કાઉસ્સગ્ગં :** કાયોત્સર્ગ.
**વંદણ :** વંદનના.
**વત્તિઆએ :** નિમિત્તથી.
**પૂઅણ :** પૂજનના.
**વત્તિઆએ :** નિમિત્તથી.
**સક્કાર :** સત્કારના.
**સમ્માણ :** સન્માનના.
**બોહિલાભ :** બોધિ–લાભના.
**નિરુવસગ્ગ :** નિરુપસર્ગના.
**સદ્ધાએ :** શ્રદ્ધાથી
**મેહાએ :** બુદ્ધિથી.
**ધિઈએ :** ધૃતિથી.
**ધારણાએ :** ધારણાથી
**અણુપ્પેહાએ :** અનુપ્રેક્ષા. તત્ત્વચિંતનથી.
**વઢ્ઢમાણીએ :** વધતી જતી વૃદ્ધિ પામતી.
**ઠામિ :** ઠાઉં છું. કરું છું.
**કાઉસગ્ગં :** કાયોત્સર્ગ–કાયાના વ્યાપારના ત્યાગને

**અર્થ :–** અરિહંત–ચૈત્યોનું, અર્હંત–પ્રતિમાઓનું આરાધન–કરવા હું કાયોત્સર્ગ કરવાને ઈચ્છું છું. ૧

વંદનના નિમિત્તથી, પૂજનના નિમિત્તથી, સત્કારના નિમિત્તથી, સન્માનના નિમિત્તથી, બોધિ–લાભ–સમ્યગ્ દર્શનના નિમિત્તથી, ઉપસર્ગરહિત–મોક્ષના નિમિત્તથી. ૨

(ઉપરના છ નિમિત્તો કેવા પ્રકારથી કરવા તે બતાવે છે.)

વૃદ્ધિ પામતી શ્રદ્ધાથી, બુદ્ધિ–પ્રજ્ઞાથી, સ્થિરતાથી, સ્મૃતિધારણાથી અને તત્ત્વચિંતનથી હું કાયોત્સર્ગ (શરીરના વ્યાપાર ત્યાગને) કરું છું. આ સૂત્રથી અરિહંત ચૈત્યોને વંદનાદિ નિમિત્તે કાર્યોત્સર્ગ કરવાનું કહેલ છે તેથી તેને ચૈત્યસ્તવ પણ કહે છે.

પછી ''અન્નત્થ'' બોલીને એક નવકારનો કાયોત્સર્ગ કરવો.

નવકારનો કાયોત્સર્ગ પારી, પ્રગટ નવકાર કહી કોઈ પણ થોય કહેવી.

**થોય :-** **મારા દિલે જિનદેવ[1] પ્યારા, આવી કરોને મને કર્મ ન્યારા,**
**કર્મો કરી દુઃખ સહ્યા અપારા, થાઓ પ્રભુજી દુઃખ મુક્તિ કારા...૧**

ખમાસણું આપી, પ્રભુ ભક્તિનો આનંદ માણી પ્રભુજીને પીઠ ન આવે એમ જયણા પૂર્વક જિનાલયમાંથી બહાર નિકળવું.

૧. અહીં કોઈપણ ભગવાનનું નામબોલી શકાય છે.

# શ્રાવક કોને કહીએ ?

## (શ્રાવકના ૨૧ ગુણ)

### ૬ પાપભીરૂતા

**ઈહપરલોગાવાએ સંભાવેંતો ન વટ્ટઈ પાવે ।**
**બીહઈ અયસકલંકા, તો ખલુ ધમ્મારિહો ભીરૂ ॥**

પાપભીરૂ માનવી,

આલોક– પરલોકના કષ્ટનો વિચાર કરે છે...

અપયશના કલંકથી ભય પામે છે....

તેથી તે પાપ કર્મમાં પ્રવર્તતો નથી...

માટે જ પાપભીરૂ માનવી ધર્મ કરવાને યોગ્ય છે.

ભય તો સતત માનવીની પાછળ પડેલો છે. ક્યારેક ચોરનો ભય સતાવે છે...

ક્યારેક મોતનો ભય સતાવે છે.... ક્યારેક અપયશનો ભય સતાવે છે... ક્યારેક દુઃખનો ભય સતાવે છે. પણ શું આપણને કોઇ દિવસ પાપનો ભય સતાવે છે ખરો ?

પાપ કરતાં ધ્રુજી ઉઠીએ કે મારા આત્માનું ભવાંતરમાં શું થશે ?

ચોરી કરનાર ચોરને પણ જો ચોરી કરતાં કરતાં મારી ચોરી પકડાઇ જશે તો શું થશે ? એવો વિચાર આવી જાય તો કદાચ એ ચોરીથી અટકી જાય. કારણ ચોરી પકડાઇ જતાં આ ભવમાં અપયશ મળે... દંડ થાય. આ ફળ તો પ્રત્યક્ષ દેખાય છે. પણ પાપભીરૂ આત્માને આત્માનું પરલોકમાં શું થશે એનો પણ વિચાર હોય.

પ્રભુ મહાવીર સ્વામીના સમયની વાત છે.

રાજગૃહી નગરીમાં કાલસૌરીક કસાઇ રહે છે. એને દરરોજ પાંચસો પાડા મારવાનો નિયમ છે. ધર્મી જીવોને ધર્મ કરવામાં આનંદ આવે છે જયારે પાપી જીવોને પાપ કર્મ બાંધવામાં જ માનવ જીવનની સફળતા દેખાય છે.

બધાજ ધર્મોને માન્ય સિદ્ધાંત છે– ''સુખ આપવાથી સુખ મળે છે, દુઃખ આપવાથી દુઃખ મળે છે.

આખા જીવનમાં અનેકાનેક જીવોની હત્યા કરી આનંદ માણ્યો છે. હવે જીવનની અંતિમ પળો નજીક આવી શરીર રોગોથી ઘેરાઇ ગયું. નિરોગી કાયા જીવદયાના પાલનથી મળે છે. જીવહિંસાથી રોગોથી ઘેરાયેલી કાયા મળે છે. દરરોજ મસ્તીમાં પાંચસો પાડાને મારનાર કાલસૌરીક આજે બચાવો– બચાવોની બૂમો પાડી રહ્યો છે. ચારે બાજુથી કાંટા ભોકાતા હોય એવી તીવ્ર વેદના થાય છે. બીજાને પીડા આપનાર જીવો પ્રાયેઃ કરીને પીડા સહન કરવામાં નબળા હોય છે. કાલસૌરીકથી વેદના સહન થતી નથી. એ ચીસાચીસ કરી રહ્યો છે.

કાલસૌરીકનો દિકરો સુલસ પિતાની અસહ્ય વેદના નિહાળી રહ્યો છે. પિતાજીને વેદના મુક્ત કરવા જેમ જેમ પ્રયત્ન કરે છે તેમ તેમ વેદના વધતી જ જાય છે. સુલસ મુંઝાઇ રહ્યો છે. પુત્ર પિતાને શાતા આપવા ઇચ્છે છે... પ્રયત્ન કરે છે પણ એને સફળતા નથી મળતી. અંતે સુલસ પોતાના મિત્ર અભયકુમારને વાત કરે છે. અને કહે છે ''મારા પિતાને શાંતિ થાય એવો કોઇ ઉપાય બતાવો ?''

અભયકુમાર ક્ષણવાર પરિસ્થિતીનો વિચાર કરે છે અને કહે છે :– ''મિત્ર સુલસ ! સંસારનું સ્વરૂપ વિચિત્ર છે.કર્મની ગતિ અકળ છે. પણ આપણે જેવા કર્મ કરીએ છીએ એવું ફળ આ ભવ અને પરભવમાં આપણને મળે છે. તારા પિતા કસાઇનો ધંધો કરતા

હતા દરરોજ અનેક જીવોની હિંસાથી એમણે તીવ્ર પાપ કર્મ ઉપાર્જન કર્યું છે. એમના આત્માએ દુર્ગતિનું આયુષ્ય બાંધી લીધું છે તેથી આવી પરિસ્થિતીનું નિર્માણ થયું છે.

હવે તું એમને શાતા આપવાના જેટલા પ્રયત્ન કરીશ એ બધા એમને અશાતા આપનારા બનશે, માટે તું હવે એમના માટે વિપરિત પ્રયોગ કર. એમના માટે પ્રતિકૂળ દેખાતા ઉપચાર કરવાથી એમને શાતા મળશે.

એમના શરીરે દુર્ગંધી પદાર્થોનું વિલેપન કર... એમને મુલાયમ નહી પણ કાંટાવાળી શય્યા ઉપર સુવાડ... એમને અણગમતી વસ્તુઓ ખાવા આપ, આ બધું એમને શાતા અપાવનારું થશે.''

સુલસે અભયકુમારની સલાહ મુજબ ઉપચાર કર્યા તો ખરેખર એ ઉપચાર કાલસૌરીકને શાતા આપનારા થયા.

સુલસનું મન ચિંતનના ચકડોળે ચઢ્યું– ''આ હું શું નિહાળી રહ્યો છું ? ખરેખર આ તો પાપના પ્રત્યક્ષ આ ભવમાં દેખાતાં ફળ છે. પરલોકમાં દુર્ગતિ નિશ્ચિત છે. તો ત્યાં કેટલા લાંબા સમય સુધી દુઃખ ભોગવવા પડશે ? ભાવ ખરાબ તો ભવ ખરાબ અને ભવ ખરાબ તો ભાવ ખરાબ આ ચક્ર ચાલું થશે તો એનું પરિણામ શું આવશે ? ના... ના... મારે દુર્ગતિમાં જવું નથી... ના, ના, દુર્ગતિમાં લઇ જાય એવા પાપ મારે કરવા નથી...''

કાલસૌરીકનું આયુષ્ય પૂર્ણ થયું પાપના ફળ ભોગવવા એ આત્મા સાતમી નારકીમાં ચાલ્યો ગયો. .એક એક કરતાં બાર દિવસ વીતી ગયા. સ્નેહી–સબંધી ભેગા થયા. પિતાના ધન અને ધંધાને સંભાળી લેવાની સુલસને સલાહ આપી. પણ સુલસ પિતાના ધનને અડવા તૈયાર નથી... પિતાના ધંધે બેસવા સ્પષ્ટ ઈન્કાર કરે છે. મેં પિતાજીનું જીવન અને મરણ બંને જોયા છે. મને મારું મરણ બગાડવું નથી સુધારવું છે. ઘરમાં બધા સુલસ સાથે પાપમાં ભાગ લેવાતૈયાર થયા. ''હવે શું વાંધો છે ?''

સુલસે બાજુમાં પડેલી કુહાડી ઉપાડી અને પગ ઉપર પ્રહાર કર્યો. પગમાં ઈજા થઇ... લોહી નિકળવા માંડ્યું... વેદના થવા લાગી. સુલસ કહે છે – ''હવે બધા આમાંથી ભાગ લો...''

બધા એક બીજાના મોઢા સામે જોવા લાગ્યા. કોઇ પીડામાં ભાગ લઇ શકતું નથી. સુલસ બધાને સત્ય ધર્મ સમજાવી પાપથી પાછો વાળે છે. સ્વયં પરમાત્મા મહાવીરસ્વામીએ બતાવેલા શ્રાવક જીવનનો સ્વીકાર કરે છે.

સુલસે પાપના ફળ જોયા... જાણ્યા...

પાપના ફળ જોઇને ભયભીત બન્યો...

પાપભીરૂ બન્યો માટે જ ધર્મ પામી શક્યો...

જે પણ ધર્મ પામ્યા એ પ્રથમ પાપભીરૂ બન્યા. આપણને ધર્મ પામવો હશે તો પાપભીરૂ બનવું પડશે.

અરણિક મુનિને ધગધગતી શીલા ઉપર અણસણ કરાવવા પાછળ માતા સાદ્વીજીની પાપભીરૂતાજ હતી ને ?

જીવનમાંથી પાપભીરૂતા જ્યારે વિદાય લે છે ત્યારે ધીમે ધીમે જીવનમાં પાપ પ્રવૃત્તિ વધતી જાય છે. પાપના સંસ્કાર મજબૂત બનતા જાય છે. પાપ ક્રિયા કરતો જીવ અચકાતો નથી... પીછેહઠ કરતો નથી. આવો જીવ ધર્મ ક્યાંથી પામી શકે ?

આજે આપણા જીવનમાંથી પાપભીરૂતાની બાદબાકી થઇ ગઇ છે. આજનો શ્રાવક (?) દારૂની મહેફીલ માણી શકે છે.. આજે શ્રાવક કુળમાં જન્મેલો નબીરો નોન–વેજ ટેસથી ખાઇ શકે છે.. આજની શ્રાવિકા પોતાના કુક્ષીમાં અવતરેલા બાળકની ઠંડે કલેજે હત્યા કરી શકે છે... શ્રાવકોના જીવનમાં ડગલે ને પગલે છુટાછેડા... પુનર લગ્ન... વધવા લાગ્યા છે. શ્રાવકોના કુળ વ્યસનોની ગુલામી અને ભોગ–વિલાસમાં ચકચૂર બન્યા છે. આ બધી પરિસ્થિતી ઉપર જો શાંતિથી વિચાર કરવામાં આવે તો એક સત્ય આપણી સામે આવીને ઉભું રહે છે–

''વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા ધર્મથી તો આપણે ઘણા–ઘણા દૂર છીએ, પણ માનવ બનવા માટે જરૂરી ગુણોની પણ આપણા જીવનમાં ઘણી જ ખામી છે.''

જયાં પાપનો ભય છે ત્યાંથી પાપ દૂર છે,
જયાં પાપનો ભય છે ત્યાં ધર્મનો પ્રવેશ છે.
પણ જયાં પાપનો ભય નથી, ત્યાં પાપનો વાસ છે.

જયાં પાપનો વાસ છે ત્યાં ધર્મનો પ્રવેશ સંભવતો નથી.

## ૭ અશઠ

**અસઢો પરં ન વંચઈ,**
**વીસસવણિજજો પસંસણિજ્જોય ।**
**ઉજ્જમઈ ભાવસારં,**
**ઉચિઓ ધમ્મસ્સ નેણેસો ॥**

અન્યને છેતરે... માયા કરે તે શઠ...

પણ અશઠ હોય તે ક્યારેય બીજાને ઠગતો નથી...

જે કોઇને ક્યારેય છેતરે નહિં... ઠગે નહિં તે વિશ્વાસ કરવા યોગ્ય છે.... વિશ્વાસુ માનવી પ્રસંશા કરવા યોગ્ય છે....

આવી વ્યક્તિ હૃદયના ભાવ સહિત ધર્મ માર્ગમાં પ્રવર્તે છે અને તેથી જ તે ધર્મ કરવા માટે લાયક છે.

અનાદિ કાળથી સંસારમાં રખડતા આપણા આત્માએ દુનિયાના જીવોને ઠગવાના ધંધા કર્યા છે. જયાં ઠગવાના ધંધા કરવાના સંસ્કાર મજબૂત બનેલા હોય ત્યાં ધર્મની સંભાવના ક્યાંથી હોય ? સર્વ જીવોને છેતરીને પોતાનો સ્વાર્થ સાધવામાં અત્યંત કુશળ બનેલા આ જીવને આત્મકલ્યાણ સાધવાની ભાવના કેવી રીતે જાગૃત થઇ શકે ? આત્મકલ્યાણની ભાવનાને સાકાર કરવા ધર્મની આવશ્યકતા છે. ધર્મને પામવા માટે સરળતાની આવશ્યકતા છે.

જેમ જેમ ભણતર વધ્યું છે તેમ તેમ માનવીએ પોતાની સહજતા ગુમાવી દીધી.... એના મુખવટા બદલતા જાય છે. હૃદયમાં એક અને વાણીમાં બીજું આવા વર્તનથી એણે સફળતા (?) પૂર્વક અનેકોને ઠગ્યા... અનેકોને છેતર્યા... અનેકોને લુંટ્યા ! એને ક્ષણીક લાભ જરૂર થયો હશે પણ આમ કરતાં એણે પોતાના આત્માને જ છેતરી નાખ્યો...

દુનિયામાં અવિશ્વાસનું સામ્રાજય નિર્માણ થઇ ગયું.

વર્તમાન સમયની જ આ વાત છે...

સખત ગર્મીનો સમય હતો... બપોરના સૂર્ય જાણે આગ ઓકી રહ્યો હતો...

ત્યાં એક ગાડી સ્ટેશને આવીને ઊભી રહી...

બધા ફેરીયાઓ પોતાની ચીજો વેચવા માટે બુમો પાડવા લાગ્યા... દોડા દોડ કરવા લાગ્યા...

ત્યાં એક ગરીબ બેન પાણીનું માટલું લઇને દોડતી હતી... ઠડું પાણી... મીઠું પાણી...લ્યો ભાઇ લ્યો.

બાઇનો અવાજ સાંભળી એક શેઠે બારીમાંથી બહાર નજર કરી... બેનને પોતાની પાસે બોલાવી પાણી માંગ્યું... ગરીબ બેનના પગમાં જોર આવ્યું... જલ્દી શેઠ પાસે પહોંચી ઠંડુ પાણી આપ્યું... એક ગ્લાસ... બે ગ્લાસ... ત્રણ ગ્લાસ શેઠ ગટગટાવી ગયા.

બેને કહ્યું ''શેઠ ગરીબ છું... દયા કરજો''

શેઠે કહ્યું – ''બીજા તને દસકો (દસ પૈસા) આપતા હશે.. લે હું તને આઠ આના આપું... જલ્દી આઠ આના પાછા આપ.''

આઠ આના મળશે એના આનંદમાં ગરીબ બેને જલ્દીથી પરચુરણ ગણી આઠ આના શેઠના હાથમાં મૂકી દીધા. સીટી વાગી ગાડી ચાલવા માંડી....

ગરીબ બેને રૂપિયો લેવા હાથ આગળ કર્યો.... પણ શેઠની આપવાની દાનત જ ન હતી... ગાડીએગતિ પકડી, પેલી બેન કરગરવા લાગી... ગાડી સાથે દોડવા લાગી.... આજુ બાજુ વાળા શેઠ સામે જોવા લાગ્યા... શેઠે ખીસામાંથી રૂપિયાનો સિક્કો કાઢી આપી દીધો...

પણ હાય ! એ સિક્કો ખોટો હતો...

ઘણા પૈસાવાળા લોકો આવી રીતે ગરીબોને આપવાના બહાને છેતરતા હોય છે.... જ્યાં ગરીબો પ્રત્યે પણ દયા નથી. સામાન્ય ચાર-આઠ આના માટે પણ આવા છેતરવાના કિસ્સાઓ થતા હોય ત્યારે આવી વ્યક્તિઓ ઉપર વિશ્વાસ કોણ રાખશે...?

આજે દુનિયામાં કરોડો કૌંભાડ થાય છે એની પાછળ શઠતા જ કાર્યરત છે. ગમે તે રીતે... ગમે તેને છેતરી આપણે માલદાર બનવું છે. આવા જીવોના જીવનમાં ન્યાય-નીતિ-સદાચારની અપેક્ષા ક્યાંથી રાખી શકાય ?

આવા અનેકાનેક ભવો કરીને આપણે અહીં આ માનવ ભવમાં આવ્યા છીએ. જો આમળેલા માનવ ભવને સફળ કરવો હશે તો ધર્મરત્ન મેળવવું પડશે. ધર્મરત્ન મેળવવું હશે તો પાત્રતા કેળવવી પડશે. પાત્રતા કેળવવી હશે તો અશઠતાના સ્વામી બનવું પડશે.

ધર્મપ્રેમી વ્યક્તિને જીવનમાં નુકસાની કબુલ છે... હા કબુલ છે... મૃત્યું સ્વીકાર્ય છે પણ એ સદા શઠતાથી ડરે છે... દૂર ભાગે છે. સ્વયંના જીવનને અશઠ બનાવવા સદા પુરુષાર્થ આદરે છે.

હલકા માલની સારા માલ સાથે એ ભેળસેળ કરતો નથી...

નકલી દવાઇઓ એ વેચતો નથી...

ખોટા દસ્તાવેજ લખતો નથી...

કોઇની મજબૂરી... લાચારીનો એ ફાયદો ઉઠાવતો નથી...

ઘર ભરીને એ હાથ ઉંચા કરતો નથી... એવા ન્યાય-નીતિ સંપન્ન જીવોને આલોક કરતાં પરલોક વધારે વહાલો હોય છે. સંપત્તિ કરતાં સદ્ગુણો વધારે કિંમતી હોયછે. ધન કરતાં ધર્મ સન્માનનીય હોય છે.

તપાસો તમારા સ્વયંના જીવનને ? આપણે ક્યાં છીએ ? કેવું જીવન જીવીએ છીએ ? કેવું જીવન જીવવા માગીએ છીએ ? કેવા જીવનના કટ્ટર પક્ષપાતી છીએ ?

એ હતા ધર્મિષ્ઠ કાપડના વેપારી...

એકદા એમણે મુનિમને કસ્ટમમાંથી માલ છોડાવી લાવવા મોકલ્યો. મુનિમ હતો નવો એને થયું શેઠને મારી ચાલાકી બતાવું. એણે ચાલાકીથી કામ લીધું... માલ છોડાવી શેઠ પાસે હાજર થઇ ગયો.

શેઠને જકાતની રસિદ આપી. શેઠે રસિદ પર નજર નાંખી... માલની ગાંસડીપર નજર નાંખી. એમને કાંઇક ભૂલ જણાઇ.

એમણે મુનિમને બોલાવ્યા. પૂછ્યું ''મુનિમજી ! માલ કેટલો છોડાવી લાવ્યા.''

''શેઠજી બધોજ માલ છોડાવી લાવ્યો છું.'' મુનિમે જવાબ આપ્યો.

''પણ જકાત ઘણી જ ઓછી આપી છે... આવું કેમ બન્યું ? શેઠે સવાલ કર્યો...

મુનિમજી તો વટ પાડતાં બોલ્યા- ''શેઠ આવા કામમાં તો કહેવું ન પડે, આપણે હોશિયાર છીએ. ગાંસડીમાં માલ છે રેશમી કાપડનો મેં જણાવ્યું અંદર સુતરાઉ કાપડ છે તેથી જકાત ઓછી આપવી પડી... આપણને પાંચસો રૂપિયાનો લાભ થઇ ગયો.''

શેઠ તરત ગાદિએથી ઉઠી ગયા. મુનિમને સાથે લઇ કસ્ટમ ઓફીસે આવ્યા. મુનિમની શઠતા

જણાવી વધારાની રકમ ભરી દિધી અને અધિકારીઓની ક્ષમા માંગી.

પછી મુનિમને કહ્યું– '' આવી છેતર પીંડી કરવી હોત તો આજે હું સોનાના મહેલમાં રહેતો હોત. પણ એટલું યાદ રાખજે, કોકને છેતરીને ઉભા કરેલા સોનાના મહેલમાં શાંતિ અને સમાધિ નથી મળતી. ત્યાં સતત સતાવે છે કલેશ અને અશાંતિ છેતર પીંડીનો એક પણ પૈસો મારા ઘરમાં આવશે તો એ મારા સુખી સંસારને સળગાવી દેશે. આજે તારી ભુલને માફ કરું છું પણ ફરી આવી ભુલ થશે તો નોકરીમાંથી સદા માટે પાણીચું મળી જશે.''

મુનિમ પોતાના નવા શેઠની શુદ્ધ નીતિને વંદી રહ્યો.

આજની દુનિયા પાસે બધું છે... ઘણું છે પણ શાંતિ નથી એનું એકમાત્ર કારણ છે કે એની પાસે ન્યાય–નીતિ પૂર્વકની કમાઇ નથી.

ચમત્કાર બતાવી... માયા કપટ કરી... દુનિયાના જીવોને મનોરંજન કરાવનારા, જીવોને આકર્ષિત કરવાવાળા ઘણા જોવા મળે છે પરંતુ પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચાલનારા અને આત્મકલ્યાણ સાધનારા જીવો દુર્લભ છે... ગણ્યા ગાંઠ્યા જ છે. આપણો નંબર આવા જીવોમાં લગાડવા આપણે અશઠતાના સ્વામિ બનવાની આવશ્યકતા છે.

## ૮ દાક્ષિણ્યતા

**ઉવયરઈ સુદરિકન્નો,**
**પરેસિમુજ્ઝિય સકજ્જવાવારો ।**
**તો હોઈ ગબ્ભવક્કો**
**ણુવત્તણીઓ ય સવ્વસ્સ ।**

શ્રાવકનું જીવન ગુણોથી શોભે છે... એવા ગુણોની હારમાળાનો વિચાર કરતાં કરતાં આજે આપણે શ્રાવકના આઠમા ગુણને સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

શ્રાવકનો આઠમો ગુણ છે સુદાક્ષિણ્યતા !

દાક્ષિણ્યતાની સાથે 'સુ' જોડીને એની મહત્તાને વધારવામાં આવી છે. પરોપકાર કરવો એ માનવી માત્રનું કર્તવ્ય છે. કોઇ વ્યક્તિ આપણી પાસે આવીને પોતાની મુંઝવણ રજુ કરે... કાંઇક માંગણી કરે ત્યારે એની મુંઝવણને દૂર કરવી... એની પ્રાર્થના...ઇચ્છાની પૂર્તિ કરવી એમાં પોતાનો યથાશક્તિ પ્રયત્ન કરવો એજ તો દાક્ષિણ્યતા ગુણનું મહત્વ છે.

દાક્ષિણ્યતા ગુણથી અલંકૃત વ્યક્તિ સદા પોતાના કાર્યને છોડીને પણ બીજાનો પરોપકાર કરવા તૈયાર હોય છે. કોઇની પણ પ્રાર્થનાને એ ક્યારેય ઠુકરાવતો નથી.

દાક્ષિણ્યતાના ગુણથી અલંકૃત વ્યક્તિને જ સંતો પણ ધર્મ માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે... વડિલોપણ એને જ હિતશિક્ષા આપે છે. આ દાક્ષિણ્યતાના ગુણથી જીવ અન્ય ગુણોને પામી શકે છે... જીવનમાં આગળ વધી શકે છે. ધર્મમાં પણ આગળ વધી આત્મકલ્યાણ સાધે છે.

સ્થુલીભદ્રનો નાનો ભાઇ શ્રીયક...

ધર્મ ઉપરની શ્રદ્ધા જબરજસ્ત... પણ તપ કરવામાં કાયર.. મનમાં ભાવના ઉંચી પણ શરીર શક્તિ સાથ ન આપે.

શ્રીયકની યક્ષા... યક્ષદિન્ના વગેરે છ બહેનોએ દીક્ષા લીધી હતી. એકદા શ્રીયક બહેન સાદવીજીઓને વંદન કરવા ગયો. બહેન સાધ્વીજીઓએ વિચાર કર્યો આજે શ્રીયકને તપ કરાવીએ. ધીરે ધીરે એને તપ કરવાની આદત થઇ જશે.

યક્ષા સાદવીજીએ વંદન કરવા આવેલા શ્રીયકને નવકારશી કરવાની પ્રેરણા આપી. હમણાં થોડા સમયમાં નવકારશી આવી જશે. શ્રીયક બેન સાધ્વીજીની વાત ન ટાળી શક્યો કારણ એની પાસે

દાક્ષિણ્યતાનો ગુણ છે.

યક્ષા સાદવીજી પાસે એણે નવકારશીનું પચ્ચક્ખાણ લઇ લીધું શ્રીયક ત્યાંથી આગળ વધ્યો. યક્ષદિન્ના સાદવીજી પાસે આવ્યો. વંદન કરી... સુખશાતા પુછી. બેન સાદવીજીએ ધર્મચર્ચા કરવા બેસાડ્યા... થોડો સમય વ્યતીત થઇ ગયો. યક્ષદિન્નાએશ્રીયકને કહ્યું-''ભાઇ ! હવે તો નવકારશી આવી ગઇ... થોડીવારમાં પોરસિ આવી જશે. પોરસિનું જ પચ્ચક્ખાણ લઈ લે.'

દાક્ષિણ્યતાના ગુણથી એણે મનમાં વિચાર્યું મારા બહેન સાદવીજીના હૃદયમાં મારા આત્મકલ્યાણ માટેની કેવી ઉત્કૃષ્ટ ભાવના છે. મારે એમની વાત માનવી જ જોઇએ. એણે પોરસિના પચ્ચક્ખાણનો સ્વીકાર કરી લીધો.

આવી જ રીતે આગળ વધતાં બીજાબહેન સાદવીજી એ હજી આગળ વધવા પ્રેરણા આપી. તપનું મહત્વ સમજાવ્યું. તપથી થતી કર્મ નિર્જરા અને તપથી મળતી સદ્ગતિનું રહસ્ય સમજાવ્યું.

શ્રીયકનો દાક્ષિણ્યતાનો ગુણ એને આગળ આગળના પચ્ચક્ખાણનો સ્વીકાર કરાવતો ગયો.

કદિ નવકારશીનો પચ્ચક્ખાણ ન કરનારા શ્રીયકે આજે નવકારશી...પોરિસિ... સાઠ પોરસિ... પુરિમઢ્ઢ... અવઢ્ઢના પચ્ચક્ખાણ સાથે આગળ વધતાં ઉપવાસના પચ્ચક્ખાણનો સ્વીકાર કરી લીધો.

ના... ના... આ કેવળ બાહ્ય તપ ન હતું... એમાં અંતરના ભાવ હતા. પરમાત્માના શાસન પ્રત્યે અતુટ શ્રદ્ધા હતી... ઉંચી ઉંચી આભ અડતી પરિણામની ધારા હતી...

રાતાના સ્વાસ્થ્ય બગડ્યું... પણ પરિણામની ધારા ઉંચી હતી. પૂજ્ય સાદવીજી ભગવંતની પ્રેરણાથી ઉપવાસ થઇ જવાનો અનેરો આનંદ હતો... આત્મા જાગૃત હતો... શુભ ભાવનાથી સદ્ગતિનો આયુષ્ય બંધ કરી લીધો.

નથી લાગતું આ સદ્ગતિના આયુષ્ય બંધ પાછળ દાક્ષિણ્યતાનો ગુણ રહેલો છે ?

જેના જીવનમાં દાક્ષિણ્યતાનો ગુણ નથી... કોઇએ જણાવેલા વાતને સ્વીકારવાની તૈયારી નથી... એને હિતશિક્ષા આપવા કોણ તૈયાર થાય? અર્થાત્ કોઇજ તૈયાર ન થાય.

જોવા માટે આંખ ખુલ્લી રાખવી જ પડે...

સાંભળવા માટે કાન ખુલ્લા રાખવા જ પડે...

ખાવા માટે મોઢું ખુલ્લુ રાખવું જ પડે...

તેવી રીતે જીવનના વિકાસ માટે... મળતા માર્ગદર્શન અને વિનંતી-પ્રાર્થનાઓનો સ્વીકાર કરવો જ પડે...સુદાક્ષિણ્યતાના ગુણને જીવનમાં સ્થાન આપવું જ પડે.

વડિલોનું માર્ગદર્શન... સૂચન જેને ગમતું ન હોય... એવા જીવોનો વિકાસ પણ સંભવિત નથી. એની વિકાસ યાત્રા યોગ્ય માર્ગદર્શનના અભાવે અકાળે અટકી પડે છે.

માઘ કવિના પિતા અતિશય હોશિયાર હતા. એમના હૃદયમાં એક ભાવના હતી ''મારા પુત્રને મારે હિંદુસ્તાનના પ્રથમ પંક્તિના કવિ બનાવવું છે.''

આ ભાવનાના કારણે પુત્રની પ્રત્યેક રચનામાંથી તેઓ કાંઇકને કાંઇક ભૂલ કાઢતા. એમની ભાવના પુત્રને શ્રેષ્ઠ કવિ બનાવવાની હતી. ભૂલ કાઢીને ફરીથી આગળ વધવા ઉત્સાહ આપતા... પ્રેરણા આપતા.

પણ પુત્ર પાસે દાક્ષિણ્યતાના ગુણનો અભાવ હતો. એની ઇચ્છા પોતાના પિતાના મુખથી પોતાની પ્રશંસા સાંભળવાની હતી. પણ પિતા ભૂલ જ કાઢતા જાય. પુત્રની ધીરજ ખુટી.

પિતાના મુખથી પ્રશંસા સાંભળવા ઉત્સુક આ પુત્રે એક જાળ બિછાવી. પોતાનાજ કાવ્યની પ્રત

ને ધુમાળા અને માટીથી મલિન કરી પિતાજીને આપી ‘‘આ કોઇ પ્રાચીન કાવ્ય લાગે છે. જુઓ તો તમને કેવું લાગે છે ?’’

પિતાજી દ્વારા ઘણી ઘણી પ્રશંસા સાંભળ્યા પછી પિતાજીને જણાવ્યું ‘‘આ તો મારું જ બનાવેલું ‘‘શિશુપાલ વધ’’ કાવ્ય હતું.’’

પિતાજી ચોકી ઉઠ્યા – ‘‘ આવું કપટ કરવાનું કારણ ?’’

‘‘કારણ મને આપના મુખે મારા કાવ્યની પ્રશંસા સાંભળવી હતી.’’ માઘ કવિ બોલી ઉઠ્યા.

પુત્રની વાત સાંભળી પિતાજીએ કહ્યું – ‘‘બેટા ! હવે મને તારું ભવિષ્ય ઉજળું દેખાતું નથી.’’

જયાં દાક્ષિણ્યતા નથી ... વડિલોના માર્ગદર્શનનો સ્વીકાર નથી ત્યાં વિકાસની સંભાવના નથી.

ન તો આવા જીવોને કોઇ માર્ગદર્શન આપે છે, ન તો આવા જીવોને કોઇ અનુસરે છે. આવા જીવો ધર્મને કેવી રીતે અનુસરી શકે ? આચરી શકે...?

જયાં પોતાના વિકાસનો જ ખ્યાલ ન હોય ત્યાં બીજાના કલ્યાણની... બીજાને સહાયતા કરવાની... પરોપકાર કરવાની લગની ક્યાંથી જાગે?

અનાદિ કાળના આપણા ભવ–ભ્રમણમાં શું આપણને અરિહંત નહિં મળ્યા હોય ? .... શું આપણને અરિહંતની વાણી નહિં મળી હોય ?.. જીવનને જીતી જવાની સોનેરી તક નહીં જ જડી હોય ? આપણને અયોગ્ય ભૂલ ભરેલા માર્ગથી પાછા વાળીને સન્માર્ગે ચઢાવનાર ગુરુભગવંત નહીં મળ્યા હોય ?

ના... ના... આવું તો અનેકવાર મળ્યું હશે... પણ જયારે મળ્યું ત્યારે આપણે એના મુલ્યને જાણ્યું નહીં... આપણે મહાપુરુષોના માર્ગદર્શનનો દાક્ષિણ્યતાના ગુણના અભાવથી સ્વીકાર કર્યો નહી. આપણા જીવનમાં છુપાયેલા દુર્ગુણોને... દોષોને ટાળવાનો કાઢવાનો કોઇ પ્રયાસ કર્યો નથી... તેથી જ આજે પણ સંસારમાં ભમી રહ્યા છીએ.

દુર્ગતિને... દુઃખોને દોષોને... દૂર કરી સદ્ગતિ... સુખ અને સદ્ગુણોના ભાગી બનવા આપણે સહુએ સુદાક્ષિણ્યતા ગુણનો સ્વીકાર કરવોજ રહ્યો. આવો ! આ ગુણને જીવનમાં સ્વીકારી અનાદિની હારની બાજીને જીતમાં પલટાવી દઇએ.

વડિલો તરફથી મળતા અનુભવના અમૃતનો સ્વીકાર કરવાનો છે અને આપણી પાસે અપેક્ષા રાખીને પ્રાર્થના કરવા આવેલા વ્યક્તિની પ્રાર્થનાનો સ્વીકાર કરી સ્વ–પરના વિકાસના દ્વાર ખોલવાના છે.

આ ભવમાં જ તક સહજતાથી આપણને સાંપડી છે. આગળ આવી તક હાથમાં આવશે કે કેમ ? એ આપણે જાણતા નથી. તકના ટકોરા બારણે પડ્યા છે તો તકદિરના દ્વાર ખોલવામાં શા માટે આપણે વિલંબ કરીએ ?

સુદાક્ષિણ્યતાના ગુણથી જીવનને અલંકૃત કરી જીવનમાં રહેલા દોષોને દૂર કરી... સદ્ગુણોને અંગીકાર કરી આપણા ગુણ વૈભવની ઋદ્ધિમાં વૃદ્ધિ કરીએ...

# જીવ-વિચાર

પંચેન્દ્રિય જીવોમાં ક્ષણે ક્ષણે દુઃખ ભોગવતા નરકના જીવોની વાત બતાવ્યા પછી એનાથી ઓછા દુઃખવાળા તિર્યંચ પંચેન્દ્રિયની ઓળખાણ કરાવતા કહે છે–

**जलयर थलयर खयरा**
**तिविहा पंचिंदिया तिरिक्खाय,**
**सुसुमार–मच्छ–कच्छव**
**गाहा मगराय जलचारी ।।२०।।**

**તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ છે :–** (૧) જલચર (૨) સ્થલચર અને (૩) ખેચર

જલચર એટલે પાણીમાં રહેનારા... સ્થલચર એટલે જમીન ઉપર રહેનારા... અને ખેચર એટલે આકાશમાં ઉડનારા...


મોટા મગરમચ્છ... માછલાં... કાચબા... ઝુડ (ગ્રાહા) અને મગર વગેરે જલમાં રહેનારા જલચર પ્રાણીઓ છે.

પાણીમાં બીજા પણ નાના–મોટા...વિવિધ આકારના માછલા તથા અન્ય પ્રાણીઓ હોય છે. જૈન શાસ્ત્રોનુસાર બંગડી (કંકણ) તથા નળીયાને છોડીને અન્ય સર્વ આકારના માછલા પાણીમાં હોય છે. તેમાં કેટલાક માછલાં પ્રભુજીની પ્રતિમાના આકારના હોય છે. જેમને જોઇને અન્ય જલચર પ્રાણીઓ સમ્યગ્દર્શન પામી શકે. અને કેટલાક જલચર પ્રાણીઓ જાતિસ્મરણાદિ જ્ઞાન દ્વારા વિરતિને પણ સ્વીકારે છે. .

પ્રભુ –પ્રતિમાના સંસ્કાર આ જીવોમાં કેટલા ઉંડા અંકિત થયેલા હશે કે એવી આકૃતિને તિર્યંચ ભવમાં પણ જોવા માત્રથી જીવમોહની નિદ્રામાંથી જાગીને સમકિત અને જાતિસ્મરણને પામવા દ્વારા દેશવિરતિના પાંચમા ગુણસ્થાનક સુધી આગળ વધી જાય છે. શું આપણે મનુષ્ય જીવન પામીને આવા સંસ્કાર દૃઢ કરવાનો કોઇ પ્રયત્ન કર્યો છે ખરો ? ચાલો આવા પ્રયત્નોમાં લાગી જઇએ. અને આગળ સ્થલચર (જમીન પર રહેનારા) જીવોના ભેદોની જાણકારી મેળવીએ...

**चउपय उरपरिसप्पा,**
**भुयपरिसप्पा य थलयरा तिविहा;**
**गो–सप्प–नउल पमुहा,**
**बोधव्वा ते समासेणं ।।२१।।**

ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ એ ત્રણે પ્રકારે સ્થલચર, ગાય, સર્પ, નોળીયા પ્રમુખના દ્રષ્ટાંતો સંક્ષેપમાં સમજવા.




સ્થલચર એટલે જમીન પર ચાલનારા તિર્યંચ પંચેન્દ્રિયનો વિશેષથી અભ્યાસ કરવા એમના ત્રણ પ્રકાર જણાવે છે.

૧) ચતુષ્પદ એટલે ચાર પગથી ચાલનારા જેવાકે ગાય, ભેંસ, કુતરો. બિલાડી, વાઘ, સિંહ, હરણ વગેરે.

૨) ઉરપરિસર્પ એટલે પેટથી ચાલનારા જેવાકે સર્પ, અજગર, નાગ વગેરે.

૩) ભુજપરિસર્પ એટલે ભુજાની સહાયતાથી

ચાલનારા જેવા કે નોળીયો, ઉંદર, ખીસકોલી, ગરોળી વગેરે.

આ બધાજ જીવોનો સમાવેશ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયમાં થાય છે. આ જીવોની પાસે ''મન'' છે તેથી તેઓ સતત શુભ કે અશુભ વિચારોમાં હોય છે. અહિં પણ પૂર્વ ભવના સંસ્કારો જીવને શુભ કે અશુભ ધ્યાન તરફ દોરી જાય છે. આ ભવમાં પણ ધાર્મિક નિમિત્તો પૂર્વ ભવના સંસ્કારોની સહાયતાથી જીવને ઉત્થાનના માર્ગે આગળ ધપાવી શકે છે. મૂળ કલિકુંડ તીર્થનો જે ઐતિહાસિક ઉલ્લેખ છે. તેમાં આ વાત સ્પષ્ટ થાય છે. પ્રભુ પાર્શ્વનાથને કુંડ સરોવરના કિનારે કાયોત્સર્ગ ધ્યાનમાં લીન જોઇને એક વન હાથીને જાતિસ્મરણ જ્ઞાન થાય છે... હાથી પ્રભુ પાર્શ્વનાથનો અભિષેક કરીને સરોવરમાંથી કમળ લઇને અપૂર્વ ભાવોલ્લાસથી પ્રભુજીના મસ્તકે ચઢાવે છે. શુભ સંસ્કારમાં શુભ નિમિત્ત ભળે તો શુભભાવ અને શુભ ભવ સુલભ બને છે. ક્યારેક તો શુભ સંસ્કાર અને શુભ નિમિત્તો, પાપી-દૂર્ગતિમા રહેલા જીવોને પણ સદ્ગતિમાં ખેંચી જાય છે. દ્દષ્ટિવિષ સર્પની કહેવાતી દૂર્ગતિમાં પણ પૂર્વના શુભ સંસ્કાર અને સ્વયં પરમાત્મા જેવું ઉત્કૃષ્ટ સદ્નિમિત્ત ચંડકૌશિકને શુભગતિ તરફ દોરી જાય છે.,

પણ જો જીવોને શુભ નિમિત્તો ન મળે તો અશુભ ધ્યાનનો ભોગ બનીને જીવ દુર્ગતિની પરંપરાને ઉભી કરે છે. આપણા જીવનમાં આવું કશું ન બને એ માટે નિમિત્તોને સમજવાનો પ્રયત્ન કરી આપણને આવી દુર્ગતિની પરંપરામાં ન જવું પડે એ માટે સવેળાએ જાગી જઇએ ...

જગતના ચોગાનમાં રહેલા વિવિધ પ્રકારના જીવોને જાણવાના પ્રયત્નમાં આપણે વિકલેંન્દ્રિયોનો વિચાર કરી પંચેન્દ્રિય જીવોની અંતર્ગત હવે ખેચર નામથી ઓળખાતા આકાશમાં ઉડતા પ્રાણીઓનો વિચાર કરવાનો છે...

**खयरा रोमय पक्खी**

**चम्मय पक्खीय पायडा चेव ।।**

**नरलोगा-ओ बाहि**

**समुग्ग पक्खी वियय पक्खी ।।२२।।**

ભાવાર્થ :- ખેચર જીવો રૂંવાટીની પાંખવાળા તથા ચામડાની પાંખવાળા હોય છે. મનુષ્ય લોકની બહાર ઉઘાડેલી પાંખવાળા એવાજ રહે છે તથા બીડેલી પાંખવાળા જીવો તેવાજ રહે છે...

ખેચર જીવો બે પ્રકારના હોય છે-

૧. રૂવાંટીની પાંખવાળાં જે રોમજ કહેવાય છે દા. ત. પોપટ, મેના, કબૂતર વિગેરે.

૨. ચામડાની પાંખવાળા જે ચર્મજ કહેવાય છે, દા. ત. ચામાચીડીયા, વિ. મનુષ્ય લોકમાં એટલે અઢીદ્વીપમાં રહેલા પક્ષીઓ બેસે ત્યારે એમની પાંખ બીડાયેલી હોય છે અને આકાશમાં ઉડે ત્યારે ખુલ્લી હોયછે. પણ મનુષ્યલોકની બહાર બીડાયેલી પાંખવાળા જીવો બેસતાં... ચાલતાં... કે ઉડતાં બીડાયેલી પાંખવાળા જ હોય છે, અને ખુલ્લી પાંખવાળા પક્ષીઓ બેસતાં ચાલતાં કે ઉડતાં ખુલ્લી પાંખવાળા હોય છે...

**सव्वे जल थल खयरा,**

**समुच्छिमा गभ्बया दुहा हुंति ।।**

**कम्मा कम्मग भूमि,**

**अंतरदीवा, मणुस्साय ।।२३।।**

**ભાવાર્થ :-** સર્વ જલચર, સ્થલચર, ખેચર જીવો સંમુચ્છિંમ તથા ગર્ભજ એમ બે પ્રકારના હોય છે. કર્મભૂમિ તથા અકર્મભૂમિ તથા અંતરદ્વિપ એમ મનુષ્યોના પ્રકારો કહેલાં છે....

આવી રીતે તિર્યંચ પંચેન્દ્રિયના પાંચ પ્રકાર છે.-

૧. જલચર જીવો. ૨. ચતુષ્પદ જીવો. ૩. ઉરપરિસર્પ જીવો. ૪. ભુજપરિસર્પ જીવો તથા ૫. ખેચર જીવો.

આ પાંચે પ્રકારના જીવોના બે બે ભેદ હોયછે–

૧. સંમુચ્છિંમ જીવો :– જે જીવો ગર્ભ વગર અર્થાત જીવોને ઉત્પન્ન થવાની યોનિ પ્રાપ્ત થતાંની સાથે જ ત્યાં પંચેન્દ્રિય તિર્યંચરૂપે ઉત્પન્ન થઇ જાય તે જીવો સંમુચ્છિંમ જીવો કહેવાય છે દા. ત. વરસાદ પડતાં તરત ઉત્પન્ન થઇ જતા દેડકા વગેરે

૨. ગર્ભજ જીવો :– જે જીવો ગર્ભથી ઉત્પન્ન થનારા હોય તે જીવો ગર્ભજ કહેવાય.

એમ કરતાં તિર્યંચ પંચેન્દ્રિયના દસ ભેદ થાય છે. આ દશે પ્રકારના જીવોનાં અપર્યાપ્તા અને પર્યાપ્ત એમ બે–બે ભેદ ગણતાં કુલ વીસ ભેદ થાય છે....

તિર્યંચ પંચેન્દ્રિયના સ્થાનો :– તિર્યંચ પંચેન્દ્રિય ત્રણે લોકમાં રહેલા છે.

ઉર્ધ્વલોકમાં મેરુપર્વત ઉપર ૯૦૦ યોજન ઉંચે પાંડુકવન છે. તે વનની વાવડીઓ વગેરેમાં તિર્યંચ પંચેન્દ્રિયના સ્થાન છે.

તિરછર્ાલોકમાં અસંખ્યાતા દ્વીપો તથા સમુદ્રમાં તિર્યંચ પંચેન્દ્રિય હોય છે.

અધોલોકમાં ૯૦૦ યોજનથી ઉંડા ભાગવાળા જળાશય અને સમુદ્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય રહેલા છે. તેમજ અધોલોકમાં મનુષ્ય ક્ષેત્રમાં પણ તિર્યંચ પંચેન્દ્રિય હોય છે.

# મનુષ્ય

હવે મનુષ્યોનું વર્ણન કરતા કહે છે કે સ્થાન કે ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યોના ત્રણ સ્થાન છે–

૧. કર્મભૂમિ :– અસી=તલવાર, મસી=લેખન, કૃષિ= ખેતી, જયાં અસી–મસી અને કૃષિનો વ્યવહાર હોય તે કર્મભૂમિ કહેવાય છે... કર્મભૂમિ પંદર છે.

૨. અકર્મભૂમિ :– જયાં અસી–મસી–કૃષિનો વ્યવહાર નથી તે અકર્મભૂમિ કહેવાય છે... અકર્મભૂમિ ૩૦ છે.

૩. અંતરદ્વીપ :– જંબુદ્વીપના ભરત અને હિમવંત ક્ષેત્રની વચમાં હિમવંત પર્વત છે અને તેજ પ્રમાણે ઐરાવત અને હિરણ્યવંત ક્ષેત્રની વચમાં શિખરી પર્વત છે આ બન્ને પર્વતો પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર સુધી લંબાયેલા છે... આ બન્ને પર્વતનાં બન્ને છેડે બબ્બે દાઢાઓ છે તે લવણ સમુદ્રમાં આવેલી છે. એક એક દાઢા ઉપર સાતસાત દ્વીપ છે. તે અંતરદ્વીપ કહેવાય છે. અંતરદ્વીપ ૫૬ છે, આ પણ યુગલિક ક્ષેત્ર છે. ૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મ ભૂમિ + ૫૬ અંતરદ્વીપ એમ કુલ ૧૦૧ મનુષ્ય ક્ષેત્ર સ્થાનભેદથી થાય છે.

# નવતત્વ... (સંવર તત્વ)

આશ્રવ એ કર્મના આવવાના માર્ગ છે તો આવતા કર્મોને અટકાવવું... આશ્રવના દ્વાર બંધ કરવા તે સંવર છે.

અનાદિ કાળથી શુભ કે અશુભ કર્મોનું આગમન આપણા જીવનમાં સતત ચાલુ છે. જો સતત કર્મોનું આગમન ચાલુ રહેશે તો ભવોભવ એના શુભ–અશુભ ફળ ભોગવવા પડશે. સંસારનું પરિભ્રમણ જેમ છે તેમજ ચાલુ રહેશે. જન્મ–મરણનું ચક્ર ચાલતું જ રહેશે. જયારે અવિરત ચાલતા સંસારચક્રને અટકાવવાના વિચાર આવશે ત્યારે જ આશ્રવથી અટકવાનું મન થશે. ત્યારે જ આ સંસારી જીવ સંવરના શરણે આવશે. થાકેલા મુસાફરનો વિસામો જેમ ઘેઘુર વડલો છે તેમ ભવભવથી થાકેલા આ ભવમુસાફરનો વિસામો સંવર છે.

સંવર તત્વની સાચી સમજણ જીવને આશ્રવમાંથી મુક્ત કરે છે. સંવર તરફ પ્રેરણા કરીને આગળ વધાવે છે.

અવિરતિ જો આશ્રવ છે તો વિરતિ સંવર છે...

ક્રોધ જો આશ્રવ છે... તો ક્ષમા સંવર છે...

માન જો આશ્રવ છે... તો વિનય સંવર છે...

માયા જો આશ્રવ છે... તો સરલતા સંવર છે...

આવો ! સંવરને જાણીએ... સમજીએ... સ્વીકારીએ... જેમ જેમ સંવરની આરાધના થશે તેમ તેમ કર્મોનું આગમન ઓછું થતું જશે.... આત્માની નિર્મળતા વધતી જશે... સાધનાના પંથે આત્મા વેગથી આગળ વધશે... આત્મા એક એક ગુણસ્થાનક આગળ પ્રયાણ કરશે.

**समिइ गुत्ति परीसह, जइ धम्मो भावणा चरित्ताणि ।**
**पण ति दुवीस, दस, बार, पंच भेएहिं सगवन्ना ।।२५।।**

સંવર તત્વમાં સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના અને ચારિત્ર પાંચ, ત્રણ, બાવીસ, દશ, બાર અને પાંચ એમ કુલ (૫૭) સત્તાવન ભેદો વડે છે.

સંવર તત્વના સત્તાવન ભેદ જણાવ્યા છે. આશ્રવથી કર્મોનું જો આગમન થાય છે તો સંવર આવતા કર્મોને અટકાવવા માટેની આરાધના છે. સંવર તત્ત્વના ૫૭ ભેદ ટુંકમાં નીચે મુજબ છે.–

| | | |
|---|---|---|
| સમિતિ | – | ૦૫ |
| ગુપ્તિ | – | ૦૩ |
| પરિષહ | – | ૨૨ |
| યતિધર્મ | – | ૧૦ |
| ભાવના | – | ૧૨ |
| ચારિત્ર | – | ૦૫ |

સંવરના તત્વના કુલ ભેદ–૫૭

સંવર તત્વના આ ૫૭ ભેદોનું વિવેચન આગળની ગાથાઓમાં કરવામાં આવ્યું છે.

## સમિતિ-ગુપ્તિ

**इरिया भासेसणा दाणे, उच्चारे समिइसु अ ।**
**मणगुत्ति वयगुत्ति कायगुत्ति तहेव य ।।२६।।**

ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ, અને ઉચ્ચાર અથવા પરિષ્ઠાપનિકા સમિતિ એમ પાંચ સમિતિ છે. તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એમ ત્રણ ગુપ્તિ છે.

સમિતિ એટલે સમ્યગ્ પ્રકારના ઉપયોગ

સહિત પ્રવૃત્તિ.

ગુપ્તિ એટલે સમ્યગ્ પ્રકારે ઉપયોગ સહિત નિવૃત્તિ તથા પ્રવૃત્તિ.

સમિતિના પાંચ અને ગુપ્તિના ત્રણ પ્રકાર છે.

**૧. ઈર્યા સમિતિ** - ઈર્યા એટલે માર્ગ. માર્ગમાં ઉપયોગપૂર્વક એટલે યુગ માત્ર (૩ા હાથ) ભૂમિ જોઈને શુદ્ધ-નિર્જીવ ભાગમાં ચાલવું તે ઈર્યા સમિતિ છે.

**૨. ભાષા સમિતિ** - સમ્યક્પ્રકારે પાપરહિત (હિત-મિત-પ્રિય નિર્વદ્ય) વચન બોલવા તે ભાષા સમિતિ છે.

**૩. એષણા સમિતિ** - આગમમાં જણાવેલ ૪૨ દોષ રહિત નિર્દોષ આહાર પાણીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવા તે એષણા સમિતિ છે.

**૪. આદાન ભંડ મત્ત નિક્ખેવણા સમિતિ** - આદાન એટલે લેવાં અને નિક્ખેવણા એટલે મૂકવા. ભંડ એટલે પાત્ર અને મત્ત એટલે માત્રક વિગેરે. જયણા પૂર્વક, પોંજી પ્રમાર્જીને વસ્ત્ર - પાત્ર વિગેરે લેવાં મૂકવાં તે આદાન ભંડમત્ત નિક્ખેવણા સમિતિ છે.

**૫. ઉત્સર્ગ અથવા પારિષ્ઠાપનિકા સમિતિ**- લઘુનીતિ -વડિનીતિ- અશુદ્ધ આહાર - ફાટેલા વસ્ત્ર-તુટેલા પાત્ર વિગરે નિરુપયોગી ઉપકરણોનો વિધિપૂર્વક ત્યાગ તે ઉત્સર્ગ અથવા પારિષ્ઠાપનિકા સમિતિ છે.

**૧. મનોગુપ્તિ**- મનને પાપકારી -અશુભ - સાવદ્ય વિચારોમાંથી અટકાવવું અનેસમ્યગ્ વિચારોમાં પ્રવૃત્ત કરવું તે મનોગુપ્તિ છે. આ મનોગુપ્તિ ત્રણ પ્રકારે છે.-

૧. મનને અશુભ-પાપકારી- સાવદ્ય પ્રવૃત્તિમાંથી અટકાવવું તે **અકુશલ નિવૃત્તિ**.

૨. મનને શુભ-લાભદાયી - નિર્વદ્ય પ્રવૃત્તિમાં જોડવું તે **કુશલ પ્રવૃત્તિ.**

૩. મનનો સંપૂર્ણ પણે નિરોધ -શુભ-અશુભ બન્ને પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ તે **યોગનિરોધ** રુપ મનોગુપ્તિ છે. આજ સાચી મનોગુપ્તિ છે.

**૨. વચનગુપ્તિ**- સાવદ્ય પાપકારી વચનનો ત્યાગ કરી નિર્વદ્ય વચનમાં પ્રવૃત્તિ તે વચનગુપ્તિ છે. સર્વ પ્રકારના હાથ મસ્તકાદિના ઈશારાના ત્યાગ પૂર્વક મૌન ધારણ કરવું તે **મૌનાવલમ્બિની** વચનગુપ્તિ છે. મુહપત્તિના ઉપયોગ પૂર્વક નિર્વદ્ય વચનમાં પ્રવૃત્તિ તે **વાડ્નિયમિની** વચનગુપ્તિ છે.

**૩. કાયગુપ્તિ** - કાયાને અશુભ, પાપકારી, સાવદ્ય પ્રવૃત્તિમાંથી અટકાવી નિર્વદ્ય પ્રવૃત્તિમાં જોડવી તે કાયગુપ્તિ છે.

શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગમનાગમનાદિની ક્રિયાઓ કરવી તે **યથાસૂત્રચેષ્ટાનિયમિની** કાયગુપ્તિ છે. મરણાંત ઉપસર્ગોમાં પણ કાયાને સ્થિર રાખવી.. ચલાયમાન ન થવા દેવી તે કેવલી ભગવંત સમાન સંપૂર્ણ કાયયોગનો નિરોધ તે **ચેષ્ટાનિવૃત્તિ** કાયગુપ્તિ છે.

## પરિષહ

પરિ એટલે સમસ્ત પ્રકારે (કષ્ટને) સહ એટલે સહન કરવું.

કષ્ટને સમતા ભાવે સહન કરવું પણ ધર્મ માર્ગથી ચલાયમાન ન થવું તે પરિષહ છે આવા ૨૨ પરિષહ છે.

**खुहा पीवासा सीउण्हं दंसा चेला रइत्थिओ ।**
**चरिआ निसिहिया सिज्ञा, अक्कोस वह जायणा ।।२७।।**

ક્ષુધા (ભુખ), પીપાસા (તરસ), શીત, ઉષ્ણ, દંશ, અચેલક, અરતિ, સ્ત્રી, ચર્યા, નૈષેધિકી, શય્યા, આક્રોશ, વધ અને યાચના પરિષહ .

**૧. ક્ષુધા પરિષહ :**- ૧. દેહમાં ક્ષુધા વ્યાપ્ત થવા છતાં મુનિ ફળ વિગેરેનું છેદન ન કરે - ન કરાવે, ન પકાવે ન પકવાવે, ભુખને સમતા પૂર્વક

સહન કરે. અદીન ભાવે વિચરે તે ક્ષુધા પરિષહ જય છે.

**૨. પિપાસા પરિષાહ :-** પિપાસા એટલે તૃષા, મુનિ તરસથી અત્યંત વ્યાકુળ થાય, મોઢું સુકાઈ જાય છતાં સચિત્ત પાણીનું સેવન ન કરે. પ્રાસુક જળ નિર્દોષ પામે તો જ લે. આર્તધ્યાન ન કરે. સમતાભાવમાં રહે તે પિપાસા પરિષહ જય છે.

**૩. શીત પરિષહ :-** કડકડતી ઠંડીમાં શરીર અકડાઈ જાય તો પણ સાધુને ન કલ્પે એવા વસ્ત્ર કે અગ્નિ આદિની ઈચ્છા ન કરે. રાગ–દ્વેષ વિના સમાધિ ભાવમાં સ્થિર બને.

**૪. ઉષ્ણ પરિષહ :-** ગ્રીષ્મકાલીન સૂર્યના પરિતાપથી સંતપ્ત થવા છતાં ધૂળ, મેલ આદિથી પીડીત થવા છતાં આકુળ વ્યાકુળ ન બને, સ્નાનની ઈચ્છા ન કરે, વસ્ત્ર આદિથી હવા ન નાંખે તે ઉષ્ણ પરિષહ જય છે.

**૫. દંશ પરિષહ :-** ડાંસ અને મચ્છરનો ઉપદ્રવ થવા છતાં તેથી સંત્રસ્ત ન બને, મનમાં દ્વેષ ન લાવે. તેમને દૂર ભગાડવા ઝેરી ઉપાયો– ધુમાડા વિગેરે ન કરે. સમભાવમાં રહે, તે દંશ પરિષહ જીત્યો કહેવાય.

**૬. અચેલ પરિષહ :-** વસ્ત્ર મળે અથવા ન મળે, જીર્ણ મળે, નવું મળે, મુલ્યવાન મળે, અલ્પમુલ્યવાળું મળે. બધી પરિસ્થિતીમાં સાધુ અદીન હોય... સમતાયુક્ત હોય તે અચેલ પરિષહ જીત્યો કહેવાય.

**૭. અરતિ પરિષહ :-** સાધુને સંયમ જીવન દરમ્યાન ગામોગામ વિહાર કરતાં અનેક અરતિના નિમિત્તો મળે ત્યારે એને વશ ન થતાં અરતિને દૂર કરવા પ્રયત્ન કરવો ધર્મભાવ દઢ કરવો પરંતુ ઉદ્વેગ ધારણ ન કરવો. સમતા રાખવી તે અરતિ પરિષહ ઉપર જીત કહેવાય.

**૮. સ્ત્રી પરિષહ :-** આત્મ કલ્યાણના માર્ગે આગળ વધતા સાધુને માટે સ્ત્રી વિઘ્ન કરનાર છે. સાધુને નીચે પાડનાર છે. એમ જાણીને સ્ત્રી તરફ સરાગ દૃષ્ટિ ન કરે. સંયમની મર્યાદામાં રહીને જ વ્યવહાર કરે. મન–વચન–કાયાને ક્યાંય અબ્રહ્મ તરફ ન ઝુકવા દે તે સ્ત્રી પરિષહનો વિજય છે. સાધ્વીજી ભગવંત માટે એજ વાત પુરુષ પરિષહ રૂપે વિચારવાની છે.

**૯. ચર્યા પરિષહ :-** ચર્યા એટલે ચાલવું. સાધુ એક સ્થાને મઠ કે આશ્રમ બનાવીને ન રહે. શાસ્ત્ર મર્યાદા મુજબ નવકલ્પી વિહાર કરે જ એમાં પ્રમાદ ન કરે. તે ચર્યા પરિષહનો જય છે.

**૧૦. નૈષેધિકી પરિષહ :-** રાગ–દ્વેષ રહિત સાધુ ચંચળતાનો ત્યાગ કરીને સ્મશાન, શુન્યઘર, ગુફા, વિગેરે સ્થાનોમાં રહે અને ત્યાં આવતા ઉપસર્ગોમાં સમતા ધારણ કરે તે નૈષેધિકી પરિષહનો જય કહેવાય. આને સ્થાન પરિષહ અને નિષધા પરિષહ પણ કહેવાય છે.

**૧૧. શય્યા પરિષહ :-** ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ ઉપાશ્રય પામીને, ઉંચી –નીચી શય્યા પાામીને સાધુ હર્ષ કે શોક ન કરે, સુખ–દુઃખ આવી પડે તેને સમતા પૂર્વક સહન કરે તે શય્યા પરિષહનો વિજય છે.

**૧૨. આક્રોશ પરિષહ :-** સાધુ કઠોર, દારુણ, કર્ણકંટક કાનમાં ખૂંચનારી વાણી સાંભળીને મૌન રહે, ક્રોધ ન કરે, દ્વેષ ન લાવે, આક્રોશ ન કરે, સમતા રાખે તે આક્રોશ પરિષહ જય છે.

**૧૩. વધ પરિષહ :-** કોઈ અજ્ઞાની જીવ પૂર્વ ભવના વેરના કારણે મારે... ઈજા કરે... અથવા મારી નાંખવા પ્રયત્ન કરે તો પણ સાધુ ન બદલાની અપેક્ષા રાખે ન તો મનમાં ક્રોધ કે દ્વેષ લાવે પરંતુ આત્મા અમર છે એનું ચિંતવન કરે આર્ત– રૌદ્રધ્યાન ન કરતાં ધર્મધ્યાનમાં લીન બની

સમતાથી સહન કરે. તે વધ પરિષહ જય છે.

**૧૪. યાચના પરિષહ :-** સાધુને જીવનભર યાચનાથી જ મળે છે. એની પાસે અયાચિત કાંઈપણ હોતું નથી. માન અને લજ્જાને જીતીને પોતાને સંયમ નિર્વાહ માટે જરૂરી વસ્તુની યાચના કરે છે. ઘર–ઘર ભિક્ષા માટે પણ ભ્રમણ કરે છે. તે યાચના પરિષહ છે. તેમાં અદીનતા તે પરિષહ જય છે.

**अलाभ रोग तण फासा, मल्ल सक्कार परीसहा ।**
**पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ।।२८।।**

અલાભ, રોગ, તૃણ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અને સમ્યક્ત્વ એ પ્રમાણે બાવીસ પરિષહો છે.

**૧૫. અલાભ પરિષહ :-** યાચના કર્યા છતાં પણ ક્યારેક સાધુને ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યારે સાધુ દુઃખી ન થાય. મનમાં દ્વેષ કે દુર્ભાવ ન લાવે. પરંતુ સમતાભાવ ધારણ કરે. મળે તો સંયમવૃદ્ધિ ના મળે તો તપવૃદ્ધિ. એવી ભાવના ભાવતાં અલાભ પરિષહને જીતે.

**૧૬. રોગ પરિષહ :-** શરીર એ રોગોનું ઘર છે. સાધુ જીવનમાં પણ અશાતા વેદનીયના ઉદયે રોગ ઉત્પન્ન થાય ત્યારે સાધુ અનુતાપ ન કરે... આર્તધ્યાન ન કરે... હાયવોય ન કરે પરંતુ સમતા રાખે ચિકિત્સાની ઈચ્છા પણ ન રાખે. એજ રોગ પરિષહ જય છે.

**૧૭. તૃણ પરિષહ :-** જિનકલ્પી સાધુઓને તૃણનો સંથારો હોય છે. તૃણની – ઘાસની અણીઓ શરીરમાં વાગે તો પણ વસ્ત્રની ઈચ્છા ન રાખે. સ્થવિરકલ્પી સાધુને વસ્ત્રનો જ સંથારો હોય છતાં પ્રતિકુળ હોય તો પણ દીન ન બને. મનને ચંચળ ન બનાવે. પણ સમાધિને જાળવી રાખે તે તૃણ પરિષહ જીત્યો કહેવાય.

**૧૮. મલ પરિષહ :-** મેલ, રજ કે ઉનાળાના પરિતાપથી પરસેવો વગેરે થવા છતાં સ્નાનની ઈચ્છા ન કરે. મલ પરિષહને સાધુ સહન કરે.

**૧૯. સત્કાર પરિષહ :-** સાધુનો ગૃહસ્થો સન્માન–સત્કાર કરે તેથી સાધુ હર્ષ ન પામે તેવા સન્માન–સત્કારની ઈચ્છા પણ ન રાખે. ક્યાંક સન્માન –સત્કાર ન થાય તો ઉદ્વેગ પણ ન પામે તે સત્કાર પરિષહનો વિજય છે.

**૨૦. પ્રજ્ઞા પરિષહ :-** સાધુની પ્રજ્ઞા સારી હોય તો સારું ભણે, બહુશ્રુત થાય. અનેકોના પુછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી શકે છતાં તે અહંકાર ન કરે પરંતુ પૂર્વના મહાજ્ઞાનીઓને યાદ કરે તે પ્રજ્ઞા પરિષહ જય છે.

**૨૧. અજ્ઞાન પરિષહ :-** કર્મના ઉદયે કદાચ પ્રજ્ઞા સૂક્ષ્મ ન મળવાથી ગૃહસ્થોના પ્રશ્નોના જવાબ ન આપી શકે તો પણ ખેદ ન કરે. કર્મને વખાણે. સમતા ધારણ કરે તે અજ્ઞાન પરિષહ જય કહેવાય છે.

**૨૨. સમ્યક્ત્વ પરિષહ :-** ગમે તેવા ભયાનક કષ્ટ અને ઉપસર્ગ આવે તો પણ પરમાત્માના શાસનથી, પરમાત્મા ઉપરની શ્રદ્ધાથી જરા પણ ચલાયમાન ન થાય. પ્રભુના તત્વજ્ઞાન અને મોક્ષમાર્ગ ઉપર અતુટ શ્રદ્ધા ધારણ કરે. ચમત્કાર જોઈ મિથ્યાધર્મમાં આકર્ષાય નહીં તે સમ્યક્ત્વ પરિષહ જય છે.

# તીર્થંકરોની જીવન યાત્રા

## (શ્રી નેમિનાથ તથા શ્રી પાર્શ્વનાથ)

-અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

### શ્રી નેમિનાથ

શ્રી નેમિનાથ પ્રભુના પાંચ કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયાં છે. ચિત્રા-નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા, ચિત્રાનક્ષત્રમાં જન્મ્યા, ચિત્રા નક્ષત્રમાં દીક્ષા લીધી, ચિત્રા નક્ષત્રમાં કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષ પણ ચિત્રા નક્ષત્રમાં જ પામ્યા.શ્રી નેમિનાથ પ્રભુ આસો વદિ બારસે બત્રીસ સાગરોપમની સ્થિતિવાળા અપરાજિત વિમાનમાંથી અંતરરહિત ચ્યવીને આ જંબૂદ્વિપના ભરત ક્ષેત્રમાં શૌર્યપુરનગરમાં સમુદ્રવિજય રાજાની શિવાદેવી નામે રાણીના ઉદરમાં શ્રાવણ સુદિ પંચમીના દિવસે નવ માસ બરાબર પૂર્ણ થયે છતે જન્મ્યા.

શ્રી નેમિનાથ ગર્ભમાં હતા ત્યારે શિવામાતાએ ગર્ભમાં રિષ્ટરત્નમય નેમિ એટલે ચક્રધારા દીઠી હતી તે ઉપરથી પિતાએ તે બાળકનું નામ અરિષ્ટનેમિ રાખ્યું. નામમાં અપમંગળ ટાળવા માટે ''અ'' ઉમેરેલ છે. કોઈ વખતે યુવાન અવસ્થાને પામેલા શ્રી નેમિકુમારને શિવાદેવી માતાએ કહ્યું કે, ''હે પુત્ર ! તું પરણીને અમારા મનોરથોને પૂર્ણ કર.

એ સમયે અન્ય સ્ત્રીઓની વચન યુક્તિથી અને યાદવોના આગ્રહથી નેમિકુમાર મૌન રહેલા. નેમિકુમારને જોઇને બધાએ ના નથી કહેતા તેથી વચન સ્વીકાર કરેલ છે એમ માની લીધું.

ઊગ્રસેન રાજાની દીકરી અને કંસની બહેન જે કુમારી રાજીમતી હતી તેની માગણી કરી. શ્રી કૃષ્ણે એ માન્ય કરાવીને ક્રોષ્ટિક નામના નિમિત્તિયાને નેમિકુમાર અને રાજીમતીના લગ્નનું મુહૂર્ત પૂછ્યું, નિમિત્તિઆએ કહ્યું કે- '' ચાતુર્માસમાં બીજા પણ કેટલાક કાર્યોની ના કહેલ છે તો વિવાહ કેમ થાય? ત્યારે રાજા સમુદ્રવિજયે કહ્યું કે, શ્રી કૃષ્ણે મહામહેનતે નેમિકુમારને પરણવાની હા કરાવી છે. તો એ કામમાં હવે વિલંબ ન જોઇએ. વિઘ્ન ન થાય તેવો સમીપનો દિવસ કહો, ત્યારે નિમિત્તિઆએ શ્રાવણ શુદ ૬ નું મુહૂર્ત આપ્યું, પછી વિવાહને યોગ્ય વસ્ત્રાલંકારોથી અલંકૃત અને રથમાં બેઠેલા, જનતાને આનંદ આપનારા છત્રથી શોભતાં, સમુદ્રવિજય વગેરે દશાર્હ તથા કૃષ્ણ બલભદ્ર વગેરે પરિવારથી પરિવરેલા શ્રી નેમિકુમાર શિવાદેવી વગેરે ઉત્તમ સ્ત્રીઓ ધવલમંગલ ગીતો ગાતે છતે પરણવા ચાલ્યા. પરણવા જતાં શ્રી નેમિકુમારે પશુઓનો કરૂણસ્વર સાંભળી સારથિને પૂછ્યું- ''આ કરૂણ સ્વર કોનો છે ? સારથિએ કહ્યું- '' તમારા વિવાહ પ્રસંગે એકત્ર થયેલા માણસોના ભોજનવિધિ માટે આણેલા આ પશુઓનો શબ્દ સંભળાય છે.'' આ સાંભળી નેમિકુમાર વિચારવા લાગ્યા '' આ વિવાહ મહોત્સવ ધિક્કાર પાત્ર છે જે આ પશુઓ માટે શોકરૂપ છે.'' નેમિકુમારે સારથિને કહ્યું- '' રથને પાછો વાળ. મારે વિવાહ કરવો નથી. '' પશુરક્ષકોને પશુઓને છોડી દેવા જણાવ્યું. માતા-પિતાએ વિવાહ માટે ઘણું સમજાવ્યું ત્યારે નેમિકુમાર કહ્યું - ''હે માતાજી ! તમો એ આગ્રહ ન કરો. મને માનુષી સ્ત્રી ઉપર પ્રેમ નથી. મને મુક્તિ સ્ત્રી ઉપર પ્રેમ થયો છે તેથી તેને મેળવવા પ્રયત્ન કરીશ.''

હવે શ્રી નેમિકુમારને ગૃહસ્થાવાસમાં કુમારપણે ત્રણસો વર્ષ થયાં ત્યારે જીતકલ્પિક લોકાંતિક દેવોએ આવીને ''હે લોકનાથ ! જગતહિતકારી, સુખકારી એવું ધર્મતીર્થ પ્રવર્તાવો'' વગેરે કહ્યું. નેમિકુમારે શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે વરસીદાન આપ્યું.

શ્રી નેમિનાથ પ્રભુ મનુષ્ય, દેવ અને અસુરોથી પરિવર્યા છતાં, દ્વારિકા નગરીના મધ્ય મધ્ય ભાગમાંથી નીકળીને નગરીની બહાર જ્યાં રૈવતક નામે ઉદ્યાન છે અને જ્યાં અશોકવૃક્ષ છે ત્યાં આવી પાલખીમાંથી ઉતરીને પોતાની મેળેજ કેશોનો પંચમુષ્ટિ લોચ કર્યો, અને છઠ્ઠના પાણી વિનાના તપથી ઇન્દ્રે આપેલા એક દેવદુષ્ય વસ્ત્રને લઇને એક હજાર પુરુષોની સાથે દીક્ષા ગ્રહણ કરી ઘરમાંથી નીકળેલા પ્રભુ સાધુપણાને પામ્યા. શ્રી અરિષ્ટનેમિ અરિહંત ચોપન રાત્રિ દિવસ નિરંતર પોતાના શરીરને વોસિરાવીને રહ્યા. પંચાવનમા રાત્રિ દિવસમાં આસો માસનો કૃષ્ણ પક્ષ, અમાવાસ્યાના દિવસે દિવસના પાછલા પહોરે ગિરનારપર્વતના શિખર ઉપર વેતસવૃક્ષની નીચે ચોવિહાર અઠ્ઠમ તપથી શુકલ ધ્યાનના મધ્યમાં વર્તતા એવા પ્રભુને અનંત અને અનુપમ એવાં કેવલજ્ઞાન અને કેવલ દર્શન ઉત્પન્ન થયાં. એથી સર્વ લોકમાં રહેલ સર્વ પ્રાણીઓના સંપૂર્ણ ભાવોને જાણતા છતાં વિચરે છે.

પ્રભુના કેવળજ્ઞાનની વધામણી વનપાલકે શ્રી કૃષ્ણ વાસુદેવને આપી, પછી સર્વ પરિવાર અને નગરજનો સાથે મોટા આડંબરપૂર્વક શ્રી કૃષ્ણ વાસુદેવ પ્રભુને વંદન કરવા આવ્યા, રાજીમતી પણ ત્યાં આવ્યાં. પ્રભુએ દેશના આપી તે સાંભળીને વરદત્ત વગેરે બે હજાર રાજાઓએ દીક્ષા લીધી, પછી કૃષ્ણે રાજીમતીના સ્નેહનું કારણ પૂછતાં પ્રભુએ કહ્યું, ''પહેલા ભવમાં હું ધન નામે રાજપુત્ર હતો ત્યારે રાજીમતીનો જીવ ધનવતી નામે મારી પત્ની હતી, બીજા ભવમાં અમે બન્ને પહેલા દેવલોકમાં દેવ અને દેવી હતાં, ત્રીજા ભવમાં હું ચિત્રગતિ નામે વિદ્યાધર થયો અને એ રત્નાવતી નામે મારી પત્ની થઇ, ચોથા ભવમાં અમે બન્ને ચોથા દેવલોકમાં દેવ થયાં, પાંચમા ભવમાં, હું અપરાજિત રાજા અને એ મારી પ્રિયતમા નામે રાણી થઇ, છઠ્ઠા ભવમાં અમે બન્ને અગીઆરમા દેવલોકમાં દેવ થયા, સાતમા ભવમાં હું શંખ નામનો રાજા થયો અને એ યશોમતી નામે મારી રાણી થઇ. આઠમા ભવમાં અમે બન્ને અપરાજિત વિમાનમાં દેવ થયા, અને આ નવમા ભવમાં હું અને આ રાજીમતી છે. હે કૃષ્ણ ! નવ ભવના સંબંધથી એ રાજીમતીનો મારા પર સ્નેહ છે.''

શ્રી અરિષ્ટનેમિ પ્રભુ આષાઢ સુદ અષ્ટમીના દિવસે ગિરનાર પર્વતના શિખર ઉપર ૫૩૬ સાધુઓ સહિત ચોવિહાર એક માસના ઉપવાસના તપથી અનશન પૂર્વક મધ્ય રાત્રિના સમયે પદ્માસને નિર્વાણ પામ્યા.

## પ્રભુ પાર્શ્વનાથ...

શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પાંચકલ્યાણકો વિશાખા નક્ષત્રમાં થયાં છે. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ફાગણ વદિ ચોથના દિવસે વીશ સાગરોપમની સ્થિતિવાળા પ્રાણત નામના દશમા દેવલોકથી આયુષ્ય ક્ષય થયે છતે ત્યાંથી ચ્યવીને આ જ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં, વારાણસી નગરીમાં, અશ્વસેન રાજાની વામારાણીના ઉદરમાં મધ્ય રાત્રિએ ગર્ભપણે ઉત્પન્ન થયા. અહીં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ થયા છે તેનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે.

જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં પોતનપુર નગરમાં અરવિંદ રાજા રાજ્ય કરતો હતો, તે રાજાને વિશ્વભૂતિ નામે પુરોહિત હતો. તેની અનુદ્ધરી નામે

પત્ની હતી. એ પત્નીથી તેને કમઠ અને મરુભૂતિ નામે બે પુત્રો થયા. માતાપિતા મૃત્યુને પામ્યા પછી એ બે પુત્રોમાંથી રાજાએ કમઠને પુરોહિત પદવી આપી, તેથી ઉન્મત્ત બનેલ કમઠે પોતાના નાનાભાઇની પત્ની સાથે દુરાચાર સેવવા માંડ્યો. તે વાતની નાનાભાઇ મરુભૂતિને ખબર પડવાથી તેણે રાજાને આ વાત કરી, તેથી રાજાએ શિક્ષા કરી કમઠને કાઢી મૂક્યો અને મરુભૂતિને પુરોહિત બનાવ્યો. પછી દુઃખી થયેલા કમઠે તાપસી દીક્ષા લીધી. બાર વર્ષ સુધી તપસ્યા કરી પછી પોતાના ગામે તાપસ તરીકે આવ્યો તેની ખબર મળતાં મરુભૂતિ પોતાના ભાઇ તાપસને ખમાવવા ગયો ત્યારે કમઠે વેરને યાદ કરી તેના મસ્તક ઉપર મોટી શિલા મારી, એ મારથી મરુભૂતિ જે પાર્શ્વનાથનો જીવ તે મૃત્યુ પામ્યો. ઇતિ પ્રથમ ભવ.

બીજે ભવે મરુભૂતિ વિંધ્યાચળની અટવીમાં સુજાતક નામે હાથી થયો. અને કમઠ મરીને પક્ષીની જેમ ઉડતો એવો કુર્કુટ નામે સર્પ થયો, કોઇ વખતે અરવિંદ રાજર્ષિવિંધ્યાચળની અટવીમાં આવ્યા. તેમણે મરુભૂતિને હાથી થયેલ જાણી ધર્મોપદેશ દીધો તેથી પ્રતિબોધ પામી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી પૂર્વભવ જોયો અને વ્રત સ્વીકાર્યા પછી તે હાથી મુનિને પગે લાગી ચાલ્યો ગયો. કુર્કુટ સર્પે હાથીને જોયો અને વેરભાવ ઉત્પન્ન થવાથી હાથીના મસ્તક ઉપર ડંખ માર્યો તેથી હાથી શુભ ધ્યાનથી મરણ પામ્યો ઇતિ બીજો ભવ.

મરુભૂતિનો જીવ ત્રીજે ભવે આઠમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને કુર્કુટ સર્પ મરીને પાંચમી નરકે નારકી થયો ઇતિ ત્રીજો ભવ.

ચોથા ભવે મરુભૂતિનો જીવ દેવલોકથી ચ્યવી આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છવિજયમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં તિલવતી નગરીમાં કિરણવેગ નામે રાજા થયો, વૈરાગ્ય પામી એ રાજાએ દીક્ષા લઇ અનુક્રમે વિચરતાં વૈતાઢ્યપર્વતના હૈમશૈલ શિખર ઉપર કાયોત્સર્ગ કર્યો. ત્યાં કમઠનો જીવ પાંચમી નરકનાં અસહ્ય દુઃખ ભોગવી ત્યાંથી નીકળી એ જ વૈતાઢ્ય પર્વત ઉપર સર્પ થયો હતો તે ત્યાં આવ્યો, એ સર્પે મુનિને જોઇ પૂર્વના વેરથી મુનિના પગમાં ડંખ માર્યો. મુનિ તેથી શુભધ્યાને મરણ પામ્યા. ઇતિ ચોથો ભવ.

પાંચમા ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો અને તે ક્રમઠનો જીવ સર્પ, મુનિનો ઘાત કરી પાંચમી નરકેગયો ઇતિ પાંચમો ભવ.

છઠ્ઠે ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુત દેવલોકથી ચ્યવીને આ જંબૂદ્વિપના પશ્ચિમ મહાવિદેહમાં ગંધિલાવતી વિજયમાં શુભંકર નગરીમાં વજ્રનાભ નામનો રાજા થયો. ત્યાં શ્રી ક્ષેમંકર તીર્થંકર પ્રભુ પધાર્યા, રાજા તેમની પાસે જઇ વંદના કરી દેશના સાંભળીને પ્રતિબોધ પામી દીક્ષિત થયો. પછી અગીયાર અંગનો અભ્યાસ કરી તે મુનિએ જંઘાચારણની લબ્ધિ મેળવી. પછી તે લબ્ધિના બળથી સુકચ્છ વિજયમાં જ્વલન પર્વત ઉપર જઇને ત્યાં કાયોત્સર્ગે રહ્યા. હવે કમઠનો જીવ પાંચમી નરકનાં અસહ્ય દુઃખો ભોગવી ત્યાંથી નીકળી સંસારમાં ઘણા ભવો સુધી ભટકીને એજ પર્વત ઉપર કુરંગનામે ભિલ્લ થયો. તે ભિલ્લે સાધુને જોઇ વેર ઉલ્લસિત થતાં સાધુને બાણ માર્યું તે બાણના ઘાથી મુનિ તરત મરણ પામ્યા. ઇતિ છઠ્ઠો ભવ.

સાતમા ભવમાં મરુભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયો. મુનિઘાતના પાપથી ભિલ્લ મરણ પામી સાતમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. ઇતિ સાતમો ભવ.

આઠમે ભવે મરુભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકથી ચ્યવીને આ જંબૂદ્વીપના મહાવિદેહમાં

શુભંકરા વિજયમાં પુરાણપુર નગરમાં સુર્વણબાહુ નામે ચક્રવર્તી થયો. તે ચક્રવર્તીએ તીર્થંકર પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લઇ વીશસ્થાનક તપની સુંદર આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. કમઠનો જીવ સાતમી નરકમાંથી નીકળી વનમાં સિંહ થયો. કોઇ વખતે એ સિંહે ચક્રવર્તી મુનિને જોઇ પૂર્વભવના વેરથી તે મુનિને મારી નાખ્યો. ઇતિ આઠમો ભવ.

નવમા ભવમાં શુભધ્યાનથી મરણ પામેલા એ સાધુ મરુભૂતિનો જીવ દશમા પ્રાણત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને કમઠનો જીવ સિંહ સાધુને મારી મૃત્યુ પામી ચોથી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો ઇતિ નવમો ભવ.

દશમા ભવે દશમા દેવલોકમાંથી ચ્યવીને મરુભૂતિનો જીવ આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીના ઉદરમાં ચૌદસ્વપ્ન સૂચિત ઉત્પન્ન થયો. કમઠનો જીવ ચોથી નરકમાં અસહ્ય દુઃખો ભોગવી ત્યાંથી નીકળીને એક દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર થયો. તેના માતાપિતા બાલ્યવયમાં જ મરણ પામવાથી ગામના માણસોએ દયાથી તેને પાળીને મોટો કર્યો. ક્યારેક ઇન્દ્રમહોત્સવના અવસરે નગરવાસીજનોને વસ્ત્રઆભૂષણોથી અલંકૃત થયેલા જોઇને કમઠ વિચારે છે કે આ લોકોએ પૂર્વભવમાં ધર્મની આરાધના કરી છે તેથી તેઓ સુખી થયેલા છે, અને મેં પૂર્વભવમાં ધર્મ કરેલ નથી તેથી બહું દુઃખી છું, એવી વિચારણા કરી કમઠે તાપસી દીક્ષા લીધી અને તે પંચાગ્નિ તપ કરતો છતો લોકમાં પ્રસિદ્ધિને પામ્યો.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ અરિહંત માગસર વદિ દશમીને દિવસે નવ માસ બરાબર પૂર્ણ થયા અને ઉપર સાડાસાત રાત્રિ દિવસ ગયા ત્યારે મધ્યરાત્રિએ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુ જન્મ્યા. તે રાત્રિ ઘણા દેવદેવીઓ વડે જાણે અત્યંત વ્યાકુળ થઇ હોય એવી તથા શબ્દો વડે કોલાહલવાળી થઇ હોય તેમ પ્રકાશમય થઇ. વામાદેવીએ પાર્શ્વનાથ ગર્ભમાં આવ્યા બાદ એક વખત શય્યામાં સુતી વખતે પોતાની પાસેથી કાળો નાગ જતો જોયો હતો તેથી પ્રભુનું નામ પાર્શ્વ રાખ્યું.

પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુ દક્ષ, દક્ષપ્રતિજ્ઞાવાળા, ઉત્તમરૂપવાળા, સર્વગુણયુક્ત, ભદ્ર અને વિનયવાળા હતા. પાંચધાવમાતાઓથી પાલન કરાઇ, બીજના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામી માતાપિતાને આનંદ ઉપજાવી પ્રભુ યૌવનવયને પામ્યા. એ વખતે કુશસ્થળ નગરના પ્રસેનજિત રાજા ઉપર મ્લેચ્છ લોકો ચઢી આવ્યા હતા એ રાજાની સહાય માટે વિનંતિ આવતાં અશ્વસેન રાજા ત્યાં જવાની તૈયારી કરતા હતા. તેને વિનવીને પાર્શ્વકુમાર પોતે સહાય કરવા જવા તૈયાર થયા. એ જાણી ઇન્દ્રે સારથિ સહિત પોતાનો રથ પ્રભુ માટે મોકલ્યો, તે રથ ઉપર બેસીને પાર્શ્વકુમાર આકાશ માર્ગે જઇ જેવા કુશસ્થળ નગર પાસે આવ્યા કે, તેવાજ મ્લેચ્છ લોકો પ્રભુને જોઇને ભાગી ગયા. પછી પ્રસેનજિત રાજાએ પાર્શ્વકુમારનો ઘણો આદર સત્કાર કર્યો અને ઉત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવીને તેમની ઘણી સેવાભક્તિ કરી. તે સમયે પાર્શ્વકુમારને નવ હાથ પ્રમાણ, નીલવર્ણ કાન્તિથી ચમકતા શરીરવાળા, અત્યંત સ્વરૂપવાન, એક હજારને આઠ લક્ષણ ને ધારણ કરનારા, મહાસૌંદર્ય યુક્ત કાંતિને ધારણ કરનારા જોઇને રાજપુત્રી પ્રભાવતીને પ્રભુ ઉપર રાગ ઉત્પન્ન થયો. તે જાણી પ્રસેનજીત રાજાએ પાર્શ્વકુમારને પોતાની પુત્રી પ્રભાવતી સાથે લગ્ન કરવાનો અતિશય આગ્રહ કર્યો, જો કે પાર્શ્વકુમારને ઇચ્છા ન હતી છતાં ભોગાવલી કર્મ જાણીને આગ્રહવશ બની પાર્શ્વકુમાર પ્રભાવતીને પરણીને વારાણસી નગરીએ આવ્યા. કોઇ વખતે કમઠ નામે

તાપસ એ નગરીની બહાર ગંગા નદીને કાંઠે અગ્નિકુંડ કરી તપ કરતો હતો તે જાણીને નગરજનો તાપસના દર્શન કરવા જવા લાગ્યાં. મહેલના ઝરૂખામાં બેઠેલા પાર્શ્વકુમારે પુછપરછ કરી કમઠનો વૃત્તાંત જાણ્યો અને પોતે પણ ત્યાં જઇ અવધિજ્ઞાનથી જોયું તો તાપસે સળગાવેલ અગ્નિકુંડમાં બળતા નાગને જોઇને કહ્યું, ''આ અજ્ઞાનકષ્ટ છે. આમાં તત્ત્વ કાંઇ નથી તેથી ''હે તાપસ ! તું ફોગટ આત્માને સંતાપે છે.'' તે સાંભળી ક્રોધિત થયેલા તાપસે કહ્યું, ''રાજપુત્રને તપજપની શી ખબર હોય ? એ તો હાથીઘોડાઓને દોડાવે, જપતપની વાતો તો યોગીઓ જાણી શકે કે જીવદયા પણ યોગીઓ જાણે.'' યોગીનાં આવાં વચનો સાંભળી અગ્નિકુંડમાંથી અર્ધબળતું લાકડું કઢાવી તેને ફોડાવી અર્ધબળતો નાગ તેમાંથી કઢાવી તે સર્પને સેવકના મુખથી નવકાર મંત્ર સંભળાવ્યો. પછી સર્પ શુભ ધ્યાનથી મરીને ધરણેન્દ્રનામનો ભવનપતિ દેવોમાં નાગેન્દ્ર થયો. અગ્નિકુંડમાંથી સર્પ નીકળેલો જોઇને લોકો કમઠયોગીની નિંદા અને પાર્શ્વકુમારની પ્રશંસા કરતા તાપસને મૂકીને ચાલ્યા ગયા. માનભ્રષ્ટ થયેલ તાપસ ત્યાંથી ચાલ્યો ગયો અને હઠથી અજ્ઞાન તપ કરી મરીને ભવનપતિ દેવોમાં મેઘમાલી દેવ થયો.

પાર્શ્વકુમાર પ્રભાવતી સહિત વનમાં કોઇ વખત ગયેલા ત્યાં એક સુંદર પ્રાસાદમાં તેમણે નેમનાથ પ્રભુનું, જાનનું અને પરણ્યા વિના રાજીમતીના ત્યાગનું તેમજ દીક્ષા ગ્રહણ કર્યાનું ચિત્ર જોયું. તેથી વૈરાગ્ય વિશેષ જાગૃત થયો તે સમયે લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવી વિશેષગુણોવાળી વાણીથી કહ્યું કે ''હે ભગવાન ! તમો જયવંતા વર્તો, ''હે સમૃદ્ધિમાન ! તમો જયવંતા વર્તો, ''હે કલ્યાણ કરનારા ! તમો જયવંતા વર્તો. એમ કહી જય જય શબ્દ કર્યો અને ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુને મનુષ્ય યોગ્ય ગૃહસ્થધર્મની પહેલાં પણ અનુપમ અને ઉપયોગ હોવાથી જાણી શકાય એવું અવધિજ્ઞાન હતું. તે જ્ઞાનનો ઉપયોગ દઇ પ્રભુએ પોતાની દીક્ષાનો અવસર જાણીને સાંવત્સરિક દાન આપ્યું. માગસર વદિ અગીઆરસના દિવસે પહેલા પહોરે વિશાળાનામે શિબિકામાં બેસીને માનવ, દેવ તેમજ અસુરોનો સમૂહ માર્ગમાં જેમની આગળ ચાલી રહેલ છે, તેવા વારાણસી નગરીના મધ્ય ભાગથી નીકળીને આશ્રમપદ નામે ઉદ્યાનમાં આવ્યા. ત્યાં અશોકવૃક્ષ નીચે પાલખીમાંથી ઊતરી પોતાની મેળે જ આભૂષણોને ઉતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરી જલપાન વિનાનું અઠ્ઠમતપ કરી ઇન્દ્રે ખભા ઉપર રાખેલ એક દેવદૂષ્ય વસ્ત્ર લઇ ત્રણસો પુરુષોની સાથે દીક્ષા લઇ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સાધુપણાને પામ્યા. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુ ત્ર્યાશી દિવસસુધી પોતાના શરીરને વોસિરાવી એટલે શરીર ઉપરની મમતા ત્યજીને રહ્યા અને જે કોઇ દેવકૃત, મનુષ્યકૃત કે તિર્યંચકૃત અનુકૂળ કે, પ્રતિકૂળ ઉપસર્ગો થયા તેને સારી રીતે સહન કર્યા, ભોગવ્યા, ખમ્યા અને નિર્ભય પણે સહ્યા, તેમાં કમઠ મરીને મેઘમાલીદેવ થયો હતો તે દેવે કરેલ ઉપસર્ગો આ પ્રમાણે છે. ચારિત્ર લીધા પછી વિહાર કરતા પ્રભુ કોઇ તાપસના આશ્રમ પાસે આવ્યા, ત્યાં રાત્રે એક કૂવાની સમીપમાં વડ વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા, આ વખતે મેઘમાલી દેવે અવધિજ્ઞાનથી જોયું તો પાર્શ્વપ્રભુને ત્યાં જોયા. પૂર્વવેરથી ત્યાં આવી એ દેવે વૈતાલના, વીંછીના, સર્પના, સિંહના, હાથીના અનેબીજા પણ અનેક જાતના રૂપો વિકુર્વીને ઉપસર્ગો કરવા માંડ્યા. તે ઉપસર્ગોથી પ્રભુ જરાપણ ધ્યાનથી ડગ્યા નહીં એટલે તે દેવે ગર્જના કરી કલ્પાંત કાળ જેવો વાયુ વિકુર્વી ધૂળ વૃષ્ટિ કરીને પાર્શ્વપ્રભુના આંખ, કાન,

નાક પૂરીને શ્વાસ રૂંધી નાંખ્યો, પછી મેઘ વિકુર્વીને મુશળધારાથી વરસાદ વરસાવ્યો તથા બ્રહ્માંડ તૂટી જાય તેવી ગર્જના કરવા લાગ્યો. ક્ષણવારમાં તે વરસાદનું પાણી પ્રભુના કંઠ સુધી પહોંચી આવ્યું, અને દેવના પ્રભાવથી તે પાણી ચારેબાજુ વધારે પ્રસર્યું નહીં, ત્યાં જ વધવા માંડ્યું, આ સમયે ધરણેન્દ્રનું આસન કંપ્યું તેથી અવધિજ્ઞાનનો ઉપયોગ દેવાથી ઈન્દ્રે પાર્શ્વપ્રભુનો ઉપસર્ગ જાણ્યો. અને સપરિવાર તરત પ્રભુ પાસે આવીને પ્રભુના મસ્તક ઉપર ફણાછત્ર ધારી રહ્યો તથા પદ્માવતી દેવીએ પ્રભુના પગની નીચે પદ્મકમળની રચના કરી. એ રીતે ત્રણ દિવસ સુધી અખંડ જુગ મુશળધારાએ મેઘને વરસતો જોઇ અવધિજ્ઞાનથી તેનું કારણ ઇન્દ્રે જોયું તો મેઘમાલી દેવને વરસાદ વરસાવતો જોયો, ત્યારે ધરણેંદ્રે કહ્યું કે, ‘‘અરે દુષ્ટ! આ પ્રભુ ઉપર આટલો ક્રોધ ? ક્ષમાસાગર એ પ્રભુ તોસહન કરશે પણ હું સહન નહીં કરૂં, એમ કહી ધરણેંદ્રે મેઘમાલી પર વજ્ર ફેક્યું. તેથી અત્યંત ભયભીત થઇ પ્રભુ પાસે આવી પોતાનો અપરાધ વારંવાર ખમાવીને તે મેઘમાલી પ્રભુના ચરણનું શરણું લઇને રહ્યો, ત્યારે ધરણેન્દ્રે તેને કહ્યું ‘‘અરે દુષ્ટ તેં પ્રભુનું શરણ લીધું છે એટલે તને મૂકું છું, એમ કહીને વજ્ર લઇ તેને છોડી દીધો. ધરણેન્દ્ર વંદના કરી પોતાના સ્થાને ગયો, મેઘમાલી પણ પોતાના દશ ભવના વૈરને ખમાવી પ્રભુ આગળ ભક્તિ નૃત્ય કરી પોતાને સ્થાને ચાલ્યો ગયો.

આ રીતે દેવ, મનુષ્ય અને તિર્યંચોએ કરેલા ઉપસર્ગોને નિર્ભયપણે સહન કરતા અને ઈરિયાદિ પાંચ સમિતિથી સમિત તથા ત્રણગુપ્તિઓથી ગુપ્ત એવા પાર્શ્વનાથ પ્રભુને ત્ર્યાશી રાતદિવસ વ્યતીત થયાં અને ચોર્યાસીમા રાતદિવસનો પ્રથમ ભાગ હતો ત્યારે ફાગણ વદિ ચોથના દિવસે પહેલા બે પહોરના અવસરે ધાતકી વૃક્ષની નીચે ચોવિહાર છઠ્ઠતપ સહિત શુકલ ધ્યાનના પહેલા બે પદનું ધ્યાન કરતાં અવિનાશી અનુપમ એવા ઉત્તમ કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થયાં.

પછી સર્વ ભાવોને જાણતા અને જોતા એ શ્રી પાર્શ્વપ્રભુ જગતના જીવો ઉપર ઉપદેશથી ઉપકાર કરતા પૃથ્વીને પાવન કરતા વિચરવા લાગ્યા. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ અરિહંતને આઠગણ–ગચ્છ અને આઠ ગણધરો હતા. તે ગણધરો શુભ, આર્યઘોષ, વસિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર અને યશસ્વી એ નામના હતા.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ અરિહંત ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહી ત્ર્યાશી રાત્રિ દિવસ છદ્મસ્થ અવસ્થામાં રહી તથા ત્ર્યાશી દિવસ ઓછા સિત્તેર વર્ષ સુધી કેવલી પર્યાય પાળીને એમ પૂર્ણ સિત્તેર વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળીને એ રીતે સંપૂર્ણ એકસો વર્ષનું આયુષ્ય પાળીને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ એમ ચારે અઘાતિકર્મોનો ક્ષય કરી આ અવસર્પિણીનો દુષમસુષમ નામનો ચોથો આરો ઘણો વ્યતીત થયે છતે શ્રાવણ સુદ અષ્ટમીના દિવસે શ્રીસમતેશિખર નામના તીર્થરૂપ પર્વતના શિખર ઉપર પોતાના સહિત ચોત્રિશ એટલે બીજા તેત્રીશ શ્રમણોની સાથે પાણી વગરના માસક્ષમણ તપથી સવારના સમયે બન્ને હાથો લાંબા રાખી કાયોત્સર્ગ ધ્યાનથી મોક્ષે ગયા. સંસારથી નિવૃત્ત થયા, સર્વ દુઃખોથી મુક્ત થયા. એ પ્રભુના શાસન રક્ષક પાર્શ્વયક્ષ અને પદ્માવતી યક્ષિણી હતા.

